**આજનો સુવિચાર**

લોકોને સમય આપતા શીખો, સંબંધ પોતે જ મજબૂત બનશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૫૩ જૂનાગઢ તા.૧૪-૦૨-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડિયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 53, Junagadh : Date : 14 February, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# આજે સાંજે વડાપ્રધાન મોદી અબુધાબીમાં પ્રથમ હિન્દુ મંદિરનું લોકાર્પણ કરશે

## અબુધાબીના શાસક ઝાયેદ અલ નાહ્યાને વડાપ્રધાનને કહ્યું હતું, "તમે જયાં પણ રેખા ખેંચશો ત્યાં જમીન આપી દઈશ"

અબુધાબી તા.૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદી **UAE**ની બે દિવસીય મુલાકાતે છે. તેઓ આજે સાંજે અબુધાબીમાં ૨૭ એકરમાં ફેલાયેલા પ્રથમ હિન્દુ મંદિરનું લોકાર્પણ કરશે.

મોદી ૧૩ જાન્યુઆરીએ દુબઈ પહોંચ્યા હતા. અહીં તેઓ રાષ્ટ્રપતિ ઝાયેદ અલ નાહ્યાનને મળ્યા હતા. ભારતીય સમુદાયને સંબોધિત કર્યા. અહીં ૬૫ હજાર ભારતીયોને કહ્યું- રાષ્ટ્રપતિ નાહ્યાએ મંદિરનાં પ્રસ્તાવ માટે એક ક્ષણ પણ બગાડ્યા વિના હા પાડી દીધી છે. તેમણે મને ત્યાં સુધી કહ્યું કે હું મંદિર માટે જ્યાં પણ રેખા ખેંચીશ, તેઓ મને તે જમીન આપી દેશે.

આ મંદિરનું નિર્માણ બોચાસણ નિવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એટલે કે **BAPS** દ્વારા કરવામાં આવ્યું છે. તેને ૭૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે.

બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના ઉદઘાટન પ્રસંગે યુએઈ પહોંચેલા વડાપ્રધાન મોદીએ યુએઈમાં મંદિર માટે જમીન આપવા બદલ રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાનનો આભાર માન્યો અને દ્વિપક્ષીય મંત્રણા કરી હતી. બંને નેતાઓએ યુએઈમાં યુપીઆઈ રૂપે કાર્ડ સેવા પણ શરૂ કરી છે.

પીએમ મોદી પોતાના બે દિવસીય યુએઈ પ્રવાસના પહેલા દિવસે રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાનની સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. તેમણે અબુધાબીમાં બીએપીએસ (બોચાસણવાસી અક્ષર પુરુષોતમ સ્વામીનારાયણ) મંદિર બનાવવા જમીન આપવા અને પોતાનું ભવ્ય સ્વાગત કરવા બદલ રાષ્ટ્રપતિ અલ નાહ્યાનનો આભાર માન્યો હતો.બન્ને દેશોએ મંદિરને પોતાના ગાઢ સાંસ્કૃતિક સંબંધોનું પ્રતીક બનાવ્યું હતું.બન્ને પક્ષો વચ્ચે બંદરગાહ નિર્માણથી લઈને એનર્જી ક્ષેત્રમાં અનેક કરાર પણ થયા. ફાયનાન્સીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર પર વધુ ફોકસ રહ્યું હતું. બન્ને નેતાઓએ અબુધાબીમાં યુપીઆઈ રૂપે કાર્ડ સેવા પણ શરૂ કરી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે રૂપે અને યુએઈના કાર્ડ પર સમજૂતી થવાની સાથે એક નવા ફિનટેક યુગની શરૂઆત થઈ રહી છે. વડાપ્રધાન મોદી૧૪મી ફેબ્રુઆરીએ આ પ્રવાસ પુરો કરીને તે કતર પણ જશે અને અનેક દ્વિપક્ષીય સંવાદમાં ભાગ લેશે.



વડાપ્રધાન મોદી ૨૦૧૫માં યુએઈ ગયા ત્યારે અબુધાબીના શેખ ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહાયને મંદિર માટે ૧૩.૫ એકર ભૂમિ દાનમાં આપી હતી. વડાપ્રધાન મોદીએ વર્ષ ૨૦૧૭માં મંદિરનું ભૂમિપૂજન કર્યું હતું.

## સોનીયા ગાંધીએ રાજસ્થાનથી રાજયસભા માટે ઉમેદવારી નોંધાવી



જયપુર તા. ૧૪ : કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ આજે રાજસ્થાનથી રાજયસભા માટે ઉમેદવારી નોંધાવી છે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ નામાંકન માટે સવારે ૯ વાગે જયપુર પહોંચ્યા હતા. રાહુલ અને પ્રિયંકા ગાંધી પણ તેમની સાથે આવ્યા હતા. હવે સોનિયા ગાંધી પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહ દ્વારા ખાલી કરાયેલી સીટ પર રાજ્યસભામાં જશે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષના પ્રસ્તાવકમાં પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, પીસીસી ચીફ ગોવિંદ સિંહ દોતાસરા, વિપક્ષના નેતા ટીકારામ જુલી અને ઘણા વરિષ્ઠ ધારાસભ્યો હાજર હતા. રાજસ્થાન કોંગ્રેસના તમામ ધારાસભ્યો પણ જયપુર પહોંચી ગયા છે. તમામ ધારાસભ્યોને બે દિવસ જયપુરમાં રોકાવાનું કહેવામાં આવ્યું છે. ઉમેદવારી ફોર્મ ભરાઈ ગયા છે અને સેટ તૈયાર કરી દેવામાં આવ્યા છે. નામાંકન પત્રકની સાથે પ્રસ્તાવક અને સમર્થક તરીકે ૧૦-૧૦ ધારાસભ્યોની સહીઓ કરવામાં આવી છે. રાજસ્થાન વિધાનસભામાં કુલ ૨૦૦ બેઠકોમાંથી ભાજપને ૧૧૫, કોંગ્રેસ ૭૦, તથા અન્યો પાસે ૧૫ બેઠકો છે. રાજસ્થાનમાં ત્રણ બેઠકો પર યોજાનારી રાજ્યસભાની ચૂંટણી બિનહરીફ થવાની સંભાવના છે. ભાજપે બે બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે અને ત્રીજી બેઠક પર ઉમેદવારી કરશે નહીં. કોંગ્રેસ પણ એક બેઠક પર ચૂંટણી લડશે, આવી સ્થિતિમાં ચૂંટણી બિનહરીફ થશે, ૬ ફેબ્રુઆરીએ ઉમેદવારીપત્રોની ચકાસણી થશે. નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખ ૨૦ ફેબ્રુઆરી છે. તો ૨૭ ફેબ્રુઆરી સુધી રાહ નહિ જોવી પડે તેથી ૨૦ના રોજ પરિણામ જાહેર થઈ જશે.

# કિસાનોની દિલ્હીકૂચના આજે બીજા દિવસે પણ ઘર્ષણ : ટીયર ગેસ છોડાયો, ચાર બોર્ડરો સંપુર્ણ સીલ

નવી દિલ્હી તા. ૧૪ પંજાબના ખેડૂતોની દિલ્હી કૂચનો આજે બુધવાર બીજો દિવસ છે. ખેડૂતો શંભુ અને ખનૌરી બોર્ડરથી હરિયાણામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહયા છે. કિસાન મજદૂર મોરચાના સંયોજક સર્વન સિંહ પંઢેરે કહ્યું કે તેઓ કોઈપણ સંજોગોમાં દિલ્હી જશે. તો હરિયાણાના ૭ જિલ્લામાં ઈન્ટરનેટ પ્રતિબંધ ૧૫ ફેબ્રુઆરીની મધ્યરાત્રી ૧૨ સુધી લંબાવવામાં આવ્યો છે. આ પ્રતિબંધ અંબાલા, કુરુક્ષેત્ર, કૈથલ, જીંદ, હિસાર, ફતેહાબાદ, સિરસામાં લાગુ રહેશે. અગાઉ ગઈકાલે ખેડૂતો સવારે ૧૦ વાગ્યે પંજાબથી હરિયાણા જવા રવાના થયા હતા. બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ખેડૂતો પંજાબ-હરિયાણાની શંભુ, ખનૌરી અને ડબવાલી બોર્ડર પર એકસાથે પહોંચ્યા હતા. મોટાભાગના ખેડૂતો શંભુ સરહદે પહોંચ્યા હતા. ખેડૂતો અહીં પહોંચતાં જ હરિયાણા પોલીસે ટીયર ગેસના શેલ છોડવાનું શરૂ કરી દીધું હતું. જ્યારે મશીનની રેન્જ ઓછી હતી ત્યારે ડ્રોન દ્વારા ટીયર ગેસ છોડવામાં આવ્યો હતો. ખેડૂતોએ ટ્રેક્ટર વડે અહીં રોડની વચ્ચે રાખવામાં આવેલા સિમેન્ટના સ્લેબ હટાવ્યા હતા. જે બાદ હરિયાણા પોલીસે પણ રબરની ગોળીઓ પણ ચલાવી હતી. આ દરમિયાન અંબાલા પોલીસના ડીએસપી સહિત પાંચ પોલીસકર્મીઓ અને ઘણા ખેડૂતો પણ ઘાયલ થયા હતા. ખેડૂતોએ અહીના ઘગ્ગર પુલના કિનારે મુકવામાં આવેલ સુરક્ષા અવરોધો તોડી નાખ્યા હતા.

ન્યુનતમ સમર્થન મૂલ્ય (એમએસપી)ની ગેરંટી સહિતની માંગણી સાથે દિલ્હી કૂચના એલાન સાથે આંદોલન શરૂ કરનારા ખેડુતો સાથે આજે સતત બીજા દિવસે પણ ઘર્ષણ સર્જાયુ છે. સુરક્ષાદળો દ્વારા ટીયરગેસ છોડીને ખેડૂતોને આગળ વધતા રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પાટનગર દિલ્હીની ચારેય બોર્ડર સંપૂર્ણ સીલ કરીને કોઈપણ ભાગે કિસાનોને દિલ્હીમાં પ્રવેશતા રોકવાનો આદેશ કરવામાં આવ્યો છે.દિલ્હી કૂચ દરમ્યાન મંગળવારે કિસાનો તથા પોલીસ સુરક્ષાદળો વચ્ચે સતત આઠ કલાક સંઘર્ષ ચાલ્યો હતો. આજે સવારથી દિલ્હી પહોંચવા ખેડુતો શંભુબોર્ડર એકત્રીત થયા હતા ત્યારે આગળ વધતા રોકવા ટીયરગેસ છોડવામાં આવ્યો હતો. ખેડુતોને રોકવા માટે બેરીકેડથી માંડીને બહુસ્તરીય વ્યવસ્થા કરવામાં આવી છે. આ તમામ અવરોધો પાર કરીને દિલ્હીમાં ઘુસવાનું ખેડુતોએ એલાન કરી જ દીધુ છે. આજે સવારે હરિયાણાની દિલ્હીને જોડતી બોર્ડર પર હરિયાણા પોલીસે ટીયરગેસના રાઉન્ડ છોડયા હતા.પંજાબ અને હરિયાણાના ગેટવે સમાન સિંધુ બોર્ડર જાણે જંગનું મેદાન બની ગઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. ટ્રેકટર-ટ્રેલર, પાણીના ટેન્કર, ટ્રક, એસયુવી તથા બુલડોઝર જેવા વાહનો સાથે ખડકાયેલા ખેડુતો સાથે સુરક્ષાદળોને ઘર્ષણ થયુ છે.

# પાકિસ્તાનમાં શાહબાઝ શરીફ નવા વડાપ્રધાન બનશે

## પીપીપીએ બહારથી સમર્થન આપ્યું - મરીયમ શરીફ પંજાબના મુખ્યમંત્રી બનશે-ઝરદારીને રાષ્ટ્રપતિ બનાવવાનો પ્રસ્તાવ

નવી દિલ્હી,તા.૧૪ પાકિસ્તાનની રાજનીતિમાં સામાન્ય ચૂંટણીના પાંચ દિવસ બાદ એક ચોંકાવનારો ઘટનાક્રમ સામે આવ્યો છે. તે સાથે પાકિસ્તાનમાં નવી સરકારની રચનાની ફોર્મ્યુલા પણ નક્કી કરવામાં આવી છે. ગઠબંધનની નવી સરકાર બનશે અને બે પક્ષો પાકિસ્તાન પીપલ્સ પાર્ટી અને મુત્તાહિદા કૌમી મૂવમેન્ટ-પાકિસ્તાન તેને બહારથી સમર્થન આપશે. આગામી વડાપ્રધાન શાહબાઝ શરીફ (૭૨ વર્ષ) હશે. આ સિવાય પાર્ટીના વરિષ્ઠ ઉપાધ્યક્ષ મરિયમ નવાઝ (૫૦ વર્ષ)ને પંજાબના મુખ્યમંત્રી પદ માટે નામાંકિત કરવામાં આવ્યા છે. પીપીપીના પ્રમુખ હશે. પાર્ટીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ આસિફ અલી ઝરદારીને નવા રાષ્ટ્રપતિ બનાવવાના પ્રસ્તાવને આગળ વધારી રહ્યા છે.**PML-N**ના માહિતી સચિવ મરિયમ ઔરંગઝેબે કહ્યું કે પાર્ટીના સુપ્રીમો નવાઝ શરીફ (૭૪ વર્ષ) એ દેશના વડાપ્રધાન પદ માટે શહેબાઝ શરીફને નોમિનેટ કર્યા છે. મરિયમ ઔરંગઝેબે કહ્યું કે નવાઝ શરીફે પોતે આ પદ નહી લેવાનો નિર્ણય લીધો છે અને નવા પીએમ તરીકે શાહબાઝ અને પંજાબના સીએમ તરીકે મરિયમ નવાઝનું નામ ફાઈનલ કર્યું છે. સરકારની રચનાના પ્રશ્ન પર તેમણે કહ્યું કે, સરકારમાં સત્તાની વહેંચણી માટે દરેક રાજકીય પક્ષોમાં સમિતિઓની રચના કરવામાં આવી રહી છે.નવાઝ શરીફે તે રાજકીય પક્ષોનો આભાર માન્યો છે જેમણે પીએમએલ-એન (આગામી સરકારની રચનામાં) સમર્થનની જાહેરાત કરી છે. તેમણે આશા વ્યક્ત કરી કે આવા નિર્ણયોથી પાકિસ્તાન સંકટમાંથી બહાર આવશે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો-ઝરદારીએ વડાપ્રધાન પદની રેસમાંથી ખસી ગયાના કલાકો બાદ આ ફેરફાર થયો છે. બિલાવલે કહ્યું કે તેમની પાર્ટી નવી સરકારનો ભાગ નહીં બને. જો કે તેઓ પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની પાર્ટીને સમર્થન કરશે.

આમ શાહબાઝ માટે બીજી વખત પીએમ બનવાનો રસ્તો સાફ દેખાઈ રહ્યો છે. ઈમરાન ખાનને સત્તા પરથી હટાવવામાં આવ્યા પછી, શાહબાઝ પાકિસ્તાનના ૨૩મા વડાપ્રધાન બન્યા અને એપ્રિલ ૨૦૨૨ થી ઓગસ્ટ ૨૦૨૩ સુધી દેશની બાગડોર સંભાળી. તેઓ પીપીપીના સમર્થનથી સરકારમાં આવ્યા હતા.

પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીમાં ૨૬૬ સીટો છે. ૨૬૫ બેઠકોના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. સરકાર બનાવવા માટે ૧૩૩ સીટો હોવી જરૂરી છે. દેશમાં ૮ ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણીઓ યોજાઈ હતી. પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ દ્વારા સમર્થિત મોટાભાગના અપક્ષ ઉમેદવારો જીત્યા હતા.

# ઓનલાઈન છેતરપીંડી દ્વારા ગુમાવેલા રૂપિયા હવે સરળતાથી પરત મળશે

નવી દિલ્હી, તા.૧૪ જે લોકો ઓનલાઈન છેતરપિંડીથી પૈસા ગુમાવે છે અથવા આકસ્મિક રીતે કોઈ બીજાના ખાતામાં પૈસા મોકલે છે તેમને ટૂંક સમયમાં મોટી રાહત મળી શકે છે. સરકાર આ પીડિતોને તેમના પૈસા સરળતાથી અને ઝડપથી મળે તે માટે તૈયારીઓ કરી રહી છે. આ માટે બેંકો સાથે મળીને નવી માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી રહી છે. આના દ્વારા, તપાસ એજન્સીઓ માટે જરૂરી પગલાં લેવાનું ફરજિયાત અને સરળ બનશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બેંકો અને નાણાકીય સંસ્થાઓ ટૂંક સમયમાં તેના માનક ફોર્મેટ વિશે માહિતી શેર કરશે. આ સંબંધમાં એક સમીક્ષા બેઠક તાજેતરમાં નાણા મંત્રાલયમાં યોજાઈ હતી, જેમાં નાણાકીય સેવા વિભાગ (**DFS**) ના સચિવ અને બેંકોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. સાયબર નાણાકીય છેતરપિંડીઓમાં બેંકોને ઉપાડેલા નાણાં ગ્રાહકોને પરત કરવામાં મદદ કરવા માટે બેંકો સાથે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (**SOP**) વિકસાવવાની યોજના અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. હાલમાં ગ્રાહકને પૈસા પરત કરવા માટે કોઈ **SOP** નથી. નિષ્ણાતોનું કહેવું છે કે નવી **SOP** બેંકો અને તપાસ એજન્સીઓ વચ્ચે વધુ સારું તાલમેલ સ્થાપિત કરશે. જો કોઈ છેતરપિંડી થાય તો પૈસાની ભાળ મેળવી શકાશે અને તે પરત લાવી શકાશે.આ ઉપરાંત, બેંકોને છેતરપિંડી સંબંધિત ફરિયાદોના તાત્કાલિક નિરાકરણ માટે ચોવીસ કલાક નોડલ અધિકારીઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પણ કહેવામાં આવ્યું છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક

૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં

સી.સી. પડદાવાળા

18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેકટ્રોનિકસ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર

ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

ENGINE CARBON CLEANING
98256 48301
CARBON CLEAN
VARDHMAN MOTORS
More Power
More Milage
Double Engine Life

એન્જીન કાર્બન કલીનીંગ નાં ફાયદા
- એન્જીનની લાઈફ વધે-ગાડીનું પીક-અપ વધે.
- એન્જીન ઓઈલની લાઈફ વધે. ગાડીની માઈલેજ વધે-પાવર અને પરફોર્મન્સ વધે.
- એન્જીનનો અવાજ અને વાઈબ્રેશન ઘટે.
- ગાડીમાંથી નીકળતા હાઈડ્રોકાર્બન, કાર્બન મોનોકસાઈડ અને નોકસનું પ્રમાણ ઘટે.
- ગાડીની વોરંટીને કોઈ અસર થતી નથી.
- ગાડીની મેઈન્ટેનન્સ કોસ્ટ ઘટે.
- ઈકોફ્રેન્ડલી કેમીકલ ફ્રી સર્વિસ.

પંચેશ્વર રોડ, આર્યુવેદીક હોસ્પીટલ સામે, જુનાગઢ.

VARDHMAN MOTORS
સૌ-પ્રથમ આવીગયુ છે.
જર્મન ટેકનોલોજીનું કાર્બન કલીનીગ મશીન....
- ટુ વ્હીલર અને ફોર વ્હીલર માટે
- ૧૦૦ સીસી થી લઈને ૧૦,૦૦૦ સીસી, સુધીની ગાડી માટે.
- શું તમારી ગાડી પણ દબાય છે???
- શું તમારી ગાડી પુરતી એવરેજ નથી આપતી ???
- માત્ર ૧૫ થી ૩૫ મીનીટમાં કરાવો તમારા વ્હીકલને કલીન.

તો આજેજ કરાવો તમારા કારની કાર્બન કલીનીગ
...વધુ માહિતી માટે સંપર્ક કરો...
98256 48301

# પરીક્ષાઓ અનુલક્ષીને ધાર્મિક મેળાવડા, કથાઓ, ઉજવણીઓ બંધ રાખવા જાથાની અપીલ

## ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિના ગતકડાઓથી લોકપ્રશ્નો ઉકેલવાના નથી : વિદ્યાર્થી જગતની કારકિર્દી પ્રશ્ન વાલીને જાગૃતતા કેળવવા જાથાનો અનુરોધ : ખાનગી હોલ, ઘોંઘાટ વગરના આયોજનો આવકાર્ય

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૪

દેશભરમાં ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ મહિનો વિદ્યાર્થી જગતની કારકિર્દીનો નિર્ણાયાત્મક, જીંદગીનો મહત્વનો સમયગાળો હોય છે. બોર્ડ, યુનિવર્સિટી, અન્ય શાખાઓમાં પરીક્ષાઓની પ્રાયોગિક, પ્રીલીમીનરી, વાર્ષિક લેખિત, વાંચનનો શ્રેષ્ઠ સમયગાળાને અનુલક્ષીને આ સમય દરમ્યાન વિદ્યાર્થી જગતને નુકશાનકારક ધાર્મિક તેમજ રાજકીય પક્ષોના તાયફાઓ, મેળાવડા, મોટી કથાઓ, ઉજવણીઓ બંધ રાખવા જોઈએ, ઘોંઘાટ વગરના ખાનગી હોલ, વાડી કે ગામથી દૂર ખુલ્લી જગ્યામાં યોજવી જોઈએ અથવા ત્રણ માસ માટે બંધ રાખવા જોઈએ તેમ ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ રાજયવ્યાપી અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક કે પ્રસંગોના મોટા મેળાવડાના ગતકડા ઉભા કરવાથી લોકોના એકપણ પ્રશ્ન ઉકેલાઈ જવાના નથી. બે, પાંચ વ્યકિતના પોતાના લાભ માટે તથા ધાર્મિક નેતા પોતાની મહત્તા વધારવા માટેના અને રાજકીય દ્રષ્ટિકોણના લાભના હેતુથી કરાયેલા આયોજનોનો જાગૃતો, બૌદ્ધિકો, વાલીજગતે સદૈવ વિરોધ કરવો જોઈએ. લોકોમાં જેમ જેમ શિક્ષણ વધુ આવતું ગયું તેમ સ્વાર્થીપણા સાથે સહનશકિતનો ઉતરોતર વધારો થયો છે તે ચિંતાનો વિષય છે. અભણ કરતાં શિક્ષિતો પોતાના અંગત લાભ માટે વિશાળ સમુદાયને ગુમરાહ કરે છે તે દુઃખદ છે. મે, જુન, જુલાઈમાં કે વર્ષ દરમ્યાન કોઈપણ વિષય કે પ્રસંગની ઉજવણી થઈ શકે છે. કોઈપણ રાજકીય પક્ષોએ વિદ્યાર્થી જગત માટે વિચારવું જોઈએ. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે છેલ્લા ત્રીસ વર્ષના સર્વે કરતાં મોટાભાગના આયોજનો ત્રણ-ચાર માસના ગાળામાં યોજાય છે. તેમાં ધાર્મિક નેતાના જન્મદિન, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ, ઉત્સવો, સપ્તાહો, કથાઓ, ૨૫, ૫૦ કે ૭૫ વર્ષનું ગતકડું ઉભું કરી ધામધૂમથી ત્રણ થી દસ દિવસના આયોજનો કરવામાં આવે છે. મોટા આયોજનો પાછળ ૧૫ થી ૩૦ દિવસથી વધુ તૈયારી તડામાર ચાલતી હોય છે. જે સ્થળ, જગ્યાની પસંદગી કરવામાં આવી હોય તેની આસપાસ તૈયારીનો માહોલ, જાહેરાત, મીટીંગો, ભૂંગળા માથા ઉપર મૂકવામાં આવે છે. કથાઓ કે ઉજવણીના સ્થળ આસપાસના રહીશો ભારોભાર મુશ્કેલીમાં અને સમસ્યાના ત્રાસનો સામનો કરતાં હોય છે. વિદ્યાર્થી જગતની કારકિર્દી ઉપર જોખમ ઉભું થાય છે. ધાર્મિક મેળાવડા, ઉજવણી હોય લોકો મૌન, સહન કરવાનું પસંદ કરે છે. કાયદા વિરૂદ્ધ સમય મર્યાદા પછી ભૂંગળા વાગતા હોય તો પણ જાહેરમાં બોલી શકાતું નથી. મોટી કથાઓ, ઉજવણીના દિવસોએ આયોજકો મોટી સંખ્યામાં લોકો આવી શકે તે માટે મફત જમવાની વ્યવસ્થા કરતાં હોય છે. જેથી ગરીબ પ્રજાના પરિવારો આઠ-દસ દિવસનું દુઃખ ભાંગવા સામુહિક ભાગ લેતા હોય છે. ધાર્મિક આયોજક મોટી માનવ-મહેરામણ ઉમટી પડી છે મંડપ ઓછા પડયા તેવી ગુલબાંગો મારે છે. હકિકતે કથા, ઉજવણીમાં ભાગ લેવા કરતાં મફત ભોજન વ્યવસ્થાને આભારી હોય છે. ધાર્મિક નેતા આજકાલ પોતની જ્ઞાનવાણીનો લાભ લેવા આવતાં શ્રદ્ધાળુઓ માટે મફત ભોજન વ્યવસ્થાની માંગણી કરતાં હોય છે જે આયોજકો સ્વીકાર કરતાં જણાયા છે. જયાં આયોજનો થાય તેની આસપાસના રહીશો સ્વચ્છતા અભાવે બિમારીના ખાટલે પડે છે. આયોજકોનું ધ્યાન ભોજન, ફંડફાળા, પ્રચાર, આગતાસ્વાગતામાં હોય છે. ઉજવણી કે કથા સ્થળે આવતો મોટો સમુહ જાહેરમાં મૂતરડી, સંડાસ, ખાણીપીણી, વ્યસનોના કારણે પ્રદુષણ, રોગચાળાને આમંત્રણ આપવાના કારણે રહીશોમાં ઘરેઘરે મંદગીનો ખાટલા નજરે પડે છે. સારી રીતે શ્વાસોશ્વાસ લઈ શકાતો નથી. જેથી રાજયમાં પ્રદુષણયુક્ત, પરીક્ષાના અડચણરૂપ કિસ્સામાં સ્થાનિક રહીશો જો આગળ આવશે તો જાથા કાનૂની મદદ પૂરી પાડશે. પરીક્ષા દરમ્યાનના કિસ્સામાં જાથા આયોજકો તથા ધાર્મિક નેતાને આવેદનપત્ર પાઠવી ખાનગી હોલમાં યોજવા, ફેરફાર કે બંધ રાખવા સંબંધી લોકચળવળ ઉભી કરશે તેવી જાહેરાત કરવામાં આવે છે. પરીક્ષા દરમ્યાન ખાનગી હોલ, ગામથી દૂર, વાડીમાં કથાઓ, ઉજવણીઓ થાય તે આવકારદાયક છે. જાથાના ચેરમેન પંડયા જણાવે છે કે ઉનાળો શરૂ થાય અને ધાર્મિક નેતાઓ યુરોપના ખંડમાં ધર્મપ્રચારના નામે મોટી કમાણી અને ધાર્મિક પ્રચારના નામે વિદેશ ઉપડી જાય છે. તેથી દેશમાં મે મહિના પહેલા મોટા આયોજનો લોકોના માથા ઉપર મુકી બે જગ્યાએ કમાણી કરે છે. અમુક ધાર્મિક નેતાને ડોલર, પાઉન્ડમાં રસ હોય છે. ફંડ-ફાળા માટે વિદેશ ઉતમ છે. ભારતના લોકોને ધાર્મિક નેતાઓની વાણી, જ્ઞાન સમજવામાં હજુ ૫૦૦ વર્ષની પ્રતિક્ષા કરવી પડશે. લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ, તર્કને સ્થાન આપશો તો તુરંત વૈજ્ઞાનિક દ્રષ્ટિથી સમજી જશો તેવું જાથા માને છે. ધાર્મિક નેતાઓ તથા ઉજવણીઓ દેશની એકપણ સમસ્યા ઉકેલી શકયા નથી તે કડવી વાસ્તવિકતા છે. વિશેષમાં એડવોકેટ જયંત પંડયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી જણાવ્યું કે ભારતના બંધારણ મુજબ રાજયની પ્રથમ જવાબદારી શિક્ષણની છે. ધર્મ, ધાર્મિક ઉજવણીઓ કે તેની બાબતો કે તેનો પ્રચાર રાજયના દાયરામાં આવતો નથી. ધર્મ, સ્વાતંત્ર્યનો ખ્યાલ બંધારણમાં તેમજ અનુચ્છેદ ૨૫ માં વિસ્તૃત છે. દરેક વ્યકિતને અંગત પોતાની નીતિ નકકી કરવાની છૂટ છે. ધર્મ, ધાર્મિકતા વ્યકિત સ્વાતંત્ર્યતાનો વિષય છે. સરકારની ધાર્મિક રૂચિ બંધારણનું અપમાન છે. સરકારનું કાર્યક્ષેત્ર નથી છતાં ધાર્મિક બાબતોમાં મતબેંકને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે. ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિકના ગાવણા કરવાથી રાજયની એકપણ સમસ્યાઓ હલ થવાની નથી. ઉપરાંત રોજગારી, મોંઘવારી, બેકારીનો પ્રશ્ન દિન-પ્રતિદિન વધતો જાય છે. દેશની રોજગારી યક્ષ સમસ્યા છે. પ્રજાના કરવેરાના પૈસામાંથી રાજકીય પક્ષો તેમજ ઉત્સવો પાછળનો ખર્ચ, સમય, શકિત, સંપત્તિનો ધુમાડો ગેરબંધારણીય અને અપ્રસ્તુત છે. શિક્ષણની બાબતમાં આપણું રાજય અગ્રેસર નથી તેમાંથી ધડો લેવાની જરૂર છે. સરકાર પરિપત્ર કરી પરીક્ષા સમયે ખાનગી હોલ, દૂરના મેદાનમાં યોજાય તે સંબંધી ઠોસ કદમ ઉઠાવવાની જરૂર છે. સરકારે ધાર્મિક નેતાની ખુશામત ગીરીમાંથી બહાર આવવું પડશે. પ્રજાનું હિત જોવાની રાજયની ફરજ છે. એક કે બે દિવસીય પાંચ-સાત કલાક માટેના ધાર્મિક ઉત્સવ કે ધાર્મિક મેળાવડાના આયોજનનો કદી વિરોધ હોઈ શકે નહીં. વર્તમાન સમયમાં ક્રિકેટ જગત ઉપરાંત આંતરાષ્ટ્રીય રમત-ગમત સ્પર્ધા બાબતે પણ જાથા પાસે પ્રશ્નો આવે છે લોકોએ વિવેકબુદ્ધિથી નિર્ણય કરવાથી પોતાનું હિત જાળવી શકાય છે તેવું જાથા માને છે. ધર્માંધતામાં વ્યકિત વિચારશૂન્ય બની જાય છે તેથી લોકહિતમાં વિચારવું જોઈએ. અંતમાં પંડયા જણાવે છે કે જાથા સમાજનું અંગ છે. ધર્મ, ઉત્સવ, કથા કે ઉજવણીનો વિરોધ નથી પરંતુ પરીક્ષાઓને ધ્યાને રાખી ધાર્મિક આયોજકો અને રાજકીય પક્ષો વિદ્યાર્થીઓને ઓછી મુશ્કેલી પડે તે બાબતે વિચાર કરે તેવી નમ્ર અપીલ કરવામાં આવે છે. કાનૂની સંબંધી કે લોકચળવળ માટે ઓછામાં ઓછા પાંચ નાગરિકોએ રૂબરૂ સંપર્ક કરી લેખીત-મૌખિક માહિતી આપવાથી જાથા વિદ્યાર્થીના હિતમાં જનઆંદોલન ચલાવશે તેવી જાહેરાત કરવામાં આવે છે. જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ વિજ્ઞાન જાથા, 'જય વિજ્ઞાન', ૧, જીવનનગર, કનૈયા ચોક પાસે, રૈયા રોડ, રાજકોટ-૭ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ભારત મહાન તીર્થ દેવી દેવતાની ભૂમિ, હું પણ અનેક જન્મ ભારતીય હોઈશ : રશિયાના બ્રહ્માકુમાર ડો એલેક્સી અનુભવ વર્ણવ્યો





જૂનાગઢ તા.૧૪

ભારતીય સંસ્કૃતિ સંસ્કાર સભ્યતા દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે ભારત મહાન તીર્થ દેવી દેવતાઓની ભૂમિ હું પણ અનેક જન્મ ભારતીય હોઈશ, ઉપરોક્ત અનુભવના ઉદગાર છે રશિયાના બ્રહ્માકુમાર ડોક્ટર એલેક્સીના જે છેલ્લાં ૪૦ વર્ષથી બ્રહ્માકુમારીઝ વિદ્યાલય સાથે સંકળાયેલ છે રાજયોગ મેડિટેશનનો નિયમિત અભ્યાસ કરેં છે. હું પણ મૂળભૂત ભારતીય છું, અતિ મીઠી હિંદી ભાષામાં બ્રહ્માકુમારીજ સેવાકેન્દ્ર જૂનાગઢના નવનિર્મિત વિશાળ ડાયમંડ હોલ માં વાત કરતા કહ્યું હતું. તેમને પૂછવામાં આવ્યું કે આટલું સરસ હિંદી કેવી રીતે શીખ્યા તેમણે કહ્યુ કે હુ પૂર્વ જન્મમાં ચોક્કસ ભારતીય હોઈશ મને ભારતીય સંસ્કૃતિ ભાષા દેશ ખૂબ જ ગમે છે એટલે મને સરળતાથી હિંદી આવડી ગઈ છે. મને હિન્દીમાં બોલવું આનંદદાયક લાગણી સભર લાગે છે હિંદી ભાષા મીઠી લાગણીથી ભરેલી છે સાચી આધ્યાત્મિકતા જીવન જીવતાં શીખવાડે છે. આધ્યાત્મિકતાથી આંતરિક શક્તિ જાગૃત થાય છે જે ગમે તેવી વિકટ પરિસ્થિતિ માં વિજય બનાવશે. આધ્યાત્મિક જીવનમાં આનંદ અને આરામનો અનુભવ કરાવે છે. અમે દિવસમાં ત્રણ ટાઈમ ગાયનું માસ ખાવા વાળા હતા, પરંતુ બ્રહ્માકુમારીઝ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા દ્વારા આજે જીવનમાં શુદ્ધ સાત્વિક ભોજનને સ્થાન લઈ લીધું છે. જીવનમાં ખૂબ આનંદ આરામ ખુશીનો અનુભવ થાય છે . જુનાગઢ મને ખુબ ગમ્યું છે. જુનાગઢ સેવા કેન્દ્રના બ્રહ્માકુમારી બીનાબેને દ્વારા બ્રહ્માકુમારી ડોક્ટર એલેક્સી નું સન્માન સ્વાગત કરવામાં આવ્યું હતુ.

## ધામળેજ ગામે સમસ્ત કોળી સમાજનો ૨૨મો સમુહ લગ્નોત્સવ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૪

સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામે સમસ્ત કોળી સમાજનો ૨૨મો સમૂહ લગ્ન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નોત્સવ કોળી સમાજની વાડી ખાતે વેરાવળ કોડીનાર હાઈવે રોડ ખાતે યોજાયો હતો. જેમાં ૪૦ નવદંપતી પ્રભુતામાં પગલાં પાડયા હતા. આ સમૂહ લગ્નમાં દીકરીઓને ૩૦ જેટલી વસ્તુઓ કરિયાવરમાં ભેટ આપવામાં આવી હતી. શાંતિ અને ઉત્સાહભેર સમુહ લગ્નના માહોલ અને સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ૪૦ દંપતીઓને ગોર મહારાજ દ્વારા શાસ્ત્ર વિધિ સાથે લગ્ન બંધન સાથે જોડાયા હતા અને એકબીજા જાનૈયા દ્વારા નવ દંપતી અને સમુહ લગ્નમાં જોડાનાર વર કન્યાના માતા-પિતાને શુભેચ્છાઓ પાઠવી હતી અને સમાજમાં કુરિવાજોને તિલાંજલી આપી સમાજમાં એકતા સંગઠન શિક્ષણનો વ્યાપ વધે અને ખોટા ખર્ચાઓ થી બચે તે માટે સમાજના આગેવાનો દ્વારા હાકલ કરવામાં આવી હતી. એક જ પંગતમાં પંદર હજાર વધુ વિશાળ સંખ્યા માં લોકોએ ભોજન લીધું હતું. આ સમૂહ લગ્નમાં નવદંપતીને આશિર્વચન આપવા માટે પાઘેશ્વરી આશ્રમ મટાણા સીમના ઉપવાસી મહંત કરસનદાસ બાપુ, જૂનાગઢ, ગીર સોમનાથના યુવા સાંસદ રાજેશભાઈ ચુડાસમા, દીપાબેન બામણીયા પ્રમુખ કોળી સેના મહિલા વિભાગ ઉના, સુત્રાપાડાના મામલતદાર કરગઠીયા, પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન ધીરૂભાઈ સોલંકી, ખીમાભાઈ વાજા તા.પં. સુત્રાપાડા, સુત્રાપાડા કોળી સેનાના ગ્રામ્ય પ્રમુખ દેવેન્દ્રભાઈ સોલંકી સહિતના દરેક ગામના આગેવાનોઓ, જિલ્લા પંચાયતના સદસ્યઓ, તાલુકા પંચાયતના સદસ્યઓ, સરપંચઓ, ઉપસરપંચઓ, પુર્વ તાલુકા પંચાયતના સદસ્યઓ, સામાજિક, શૈક્ષણિક, તજજ્ઞો, અગ્રણીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઉપસ્થિત અગ્રણી આગેવાનો દ્વારા સમૂહ લગ્નને સંબોધન કરતા જણાવ્યું હતું કે આજના મોંઘવારીના સમયે સમૂહ લગ્ન દરેક વ્યક્તિ માટે અનિવાર્ય બની ગયા છે. ખોટા ખર્ચ રસમના કારણે દરેક પરિવારને આર્થિક બોજ પડે છે આવા સમયે સંગઠિત બનીને એક મંડપ પંડાલ વચ્ચે સૌ પરિવારજનોની હાજરી વચ્ચે એક તાંતણે બાંધતી આ સમૂહ લગ્નની કાર્યપદ્ધતિ દરેક કુટુંબની માટે આશાન બની રહી છે. આ ભગીરથ આયોજન માટે રાત-દિવસ મહેનત કરીને નિષ્ઠાપૂર્વક સેવાકીય પ્રવૃત્તિ કરતાં સમૂહ લગ્ન સમિતિના કાર્યકર્તા યુવાનો, આગેવાર્નાએ આ સમૂહ લગ્નનું સુંદર વ્યવસ્થા સાથેના આયોજનને સફળ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તમામ ઉપસ્થિત મહાનુભાવો અને સાહ સહકાર આપનાર દાતાઓ લગ્ન બંધનમાં જોડાયેલા વર કન્યા પક્ષ આ તકે સમૂહ લગ્નમાં જોડાવા બદલ આયોજકોએ આભાર વ્યક્ત કર્યો હતો. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

## ઓલ ઈન્ડીયા મેમણ જમાત ફેડરેશન દ્વારા સૌરાષ્ટ્ર ઝોનનાં અમરેલી શહેરમાં યુથ વિંગની ટીમ જાહેર કરાઈ



અમરેલી તા. ૧૪

ઓલ ઈન્ડીયા મેમણ જમાત ફેડરેશન પ્રમુખ ઈકબાલ મેમણ ઓફીસરનું સ્વપ્ન અને મિશન કે ભારતની સમગ્ર મેમણ જમાતમાં યુવા ટીમ બને અને તેવો તેમની જમાત અને ફેડરેશનને મજબુત કરે અને સૌરાષ્ટ્રના મેમણ યુવાનો ફેડરેશન સાથે જોડાઈને ફેડરેશન અને તેમની લોકલ જમાતની પ્રવૃતિમાં રસ લઈને આગળ આવે તે હેતુથી માર્ચ ૨૦૧૮માં સૌરાષ્ટ્રમાં યુથ વીંગની સ્થાપના કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર યુથ વિગ મજબુત બને તે હેતુથી ઓલ ઈન્ડીયા મેમણ જમાત પ્રમુખ ઈકબાલ મેમણ ઓફીસર અને વીંગનાં ચેરમેન ઈમરાન ફુટવાળા અને નેશનલ સેક્રેટરી યાસીનભાઈ ડેડાની મંજુરીથી સૌરાષ્ટ્ર ઝોનનાં ઉપપ્રમુખ યુનુસભાઈ દેરડીવાલાના માર્ગદર્શન નીચે અમરેલી મેમણ જમાત પ્રમુખ અમીનભાઈ નગરીયા ચર્ચા કરીને સૌરાષ્ટ્ર ઝોનનાં યુથ વીંગ ઈન્ચાર્જ આદિલ દોલા અને કો-ઓર્ડીનેટર એઝાઝ નેવીવાલા અને કન્વીનર અજીમ લાખાણી દ્વારા ઓલ ઈન્ડીયા મેમણ જમાત ફેડરેશન અમરેલીનાં ઈન્ચાર્જ તરીકે અક્રમ કલીમલીની નિમણુંક કરી છે. અમરેલીમાં આગામી દિવસોમાં અનેક કેમ્પનું આયોજન કરવામાં આવશે. વધુમાં ઓલ ઈન્ડીયા મેમણ જમાત ફેડરેશન સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર અજીમ લાખાણીએ જણાવેલ કે આગામી દિવસોમાં સૌરાષ્ટ્રમાં વધુમાં વધુ મેમણ સમાજમાં યુવાનો ફેડરેશન સાથે જોડાય તે માટે સૌરાષ્ટ્રની નવી ટીમોની રચના કરવામાં આવશે. આ નિમણુંકને યુનુસભાઈ દેરડીવાલા, અમીનભાઈ નગરીયા, રાજુભાઈ મિલન, અજીમ લાખાણી, સલીમભાઈ ઘોઘારી, અસ્ફાક ધાનાણી, આસીફ નગરીયા દ્વારા આવકારેલ છે.

## ખંભાળિયાના બેરાજામાં સબ સ્ટેશનની લાઈનનો પડતર પ્રશ્ન હલ : કામગીરી થશે શરૂ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયા તાલુકાના વડત્રા ગામ પાસેથી ગ્રામ્ય પંથકમાં વીજ વોલ્ટેજ તથા વીજ સમસ્યાની વ્યાપક પરેશાની હોવાથી આ પ્રશ્ન હાલ કરવા માટે સ્થાનિક આગેવાનો દ્વારા સંબંધિત તંત્રને રજૂઆતો કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને સરકાર દ્વારા ખંભાળિયા તાલુકાના બેરાજા ગામે કરોડોના ખર્ચે નવું સબ સ્ટેશન મંજૂર કરાયું હતું. આ વિસ્તારમાં વીજ લાઈનના કામ ચાલુ થવાની સાથે અહીં સબ સ્ટેશનનું કામ શરૂ થયું હતું. કરોડો રૂપિયાના ખર્ચે આધુનિક મશીનરી સાથેનું સબ સ્ટેશન આજથી આશરે ચારેક વર્ષ પૂર્વે તૈયાર થઈ ગયું હતું. પરંતુ વીજ લાઈનો વચ્ચેના પોલને ખેડૂતો દ્વારા ઉભા કરવા ન દેતા લાઈનનું કામ અટકી ગયું હતું. હાલ આ પ્રશ્નને આશરે ચાર વર્ષ કરતા વધુ સમય થઈ ચૂકયો છે. જેના કારણે સબ સ્ટેશનમાં રહેલી કરોડો રૂપિયાની મશીનરીનો ગેરંટી પિરિયડ પણ પૂરો થઈ ગયો છે. તેમ છતાં પણ વીજ લાઈનો કાર્યરત ન થતા ગંભીર વીજ પ્રશ્નો ઊભા થતા હતા. આ મહત્વના પ્રશ્ન અંગે અહીંના ધારાસભ્ય તથા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા તેમજ સાંસદ પૂનમબેન માડમ અને જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી વિગેરે દ્વારા અહીંના તત્કાલીન જિલ્લા કલેકટર અશોક શર્મા, જેટકો તથા પીજીવીસીએલના અધિકારીઓના પ્રયાસોથી બાકી રહેલા વીજ લાઈનના અધૂરા કામ હવે પૂર્ણ થાય તે દિશામાં પગલાંઓ લેવાયા છે.

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વર ખાતે ભવ્ય કાર્નિવલ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૪

એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વર ખાતે ભારતના ઈતિહાસની ઝાંખી કરાવતો તથા હાલના સમયમાં ઉપયોગી અનેકવિધ માહિતીસભર ભવ્યાતિભવ્ય કાર્નિવલનું પરમ પૂજય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી માતુશ્રી આર.ડી. વરસાણી કુમાર અને કન્યા વિદ્યાલય -દ્રોણેશ્વર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તો આયોજન કરવામાં આવ્યું છે. શાળાનાં ધોરણ ૧ થી ૧૨ વિદ્યાર્થીઓએ ભારતનાં ભવ્ય ઈતિહાસની ઝાંખી કરાવતાં કાર્નિવલનું સંચાલન કરશે. આ આયોજન તારીખ ૧૬ થી૧૮ ફેબ્રુઆરી દરમ્યાન કરેલ છે. કાર્યક્રમમાં ઈ.સ.૧૯૪૭થી ૨૦૨૩ સુધીની ૧૬૪ જેટલી મહત્વની ઘટનાઓ ૩૬૪ પ્રોજેકટ સાથે વિદ્યાર્થીઓ દ્વારા અદ્ભુત પ્રસ્તુતી થનાર છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા ગુરુકુલની દિકરીઓ દ્વારા કરાયું છે. શાળાના આચાર્ય મહેશભાઈ જોશી વતી આપ સર્વને કાર્નિવલમાં પધારવા આમંત્રણ પાઠવ્યું છે.

## વેરાવળમાં ચેક રિટર્ન કેસમાં કોર્ટે બે વર્ષની સજા ફટકારી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૪

વેરાવળ કોર્ટમાં નેગોસ્ટેબલ ઈન્સ્ટ્રૂમેટ એકટ હેઠળ ચેક રીર્ટનનો કેસ ચાલેલ જે કેસમાં આરોપીને બે વર્ષની સજા તથા ચેકની રકમ ફરીયાદીને ચુકવવાનો હુકમ એડીશ્નલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટની કોર્ટ કરેલ છે. આ કેસની વિગતો આપતા એડવોકેટ બી.એમ.પુરોહીતે જણાવેલ કે, પ્રભાસ પાટણના રહીશ હમીદભાઈ કાસમભાઈ ભાદરકા પાસેથી મિત્રતાના નાતે રૂા.૪,૮૦,૦૦૦ પ્રભાસ પાટણના રહીશ મહમદ યુસુફ ઈસ્માઈલ ભાદરકાએ લીધેલા હતા અને ત્યારબાદ તેઓએ પંજાબ નેશનલ બેંક વેરાવળ શાખાનો ચેક હમીદ કાસમના નામનો આપેલો હતો. આ ચેક બેંક ખાતામાં જમા કરાવેલ ત્યારે મહમદ યુસુફ ઈસ્માઈલ ભાદરકાએ પોતાનું ખાતુ બંધ કરાવી દીધેલ હોય જેથી ચેકના નાણાં મળેલા નહીં અને ચેક પરત થતા નેગોસ્ટેબલ ઈન્સ્ટ્રૂમેટ એકટ હેઠળ વેરાવળ એડીશ્નલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ શ્રી સુતરીયા ની કોર્ટમાં દાખલ કરેલ જે કેસમાં એડવોકેટ બી.એમ.પુરોહીત તથા હરેશ વી. જેઠવાની દલીલો તેમજ કાયદાની રજુઆત ધ્યાને લઈ આરોપી મહમદ યુસુફ ઈસ્માઈલ ભાદરકાને બે વર્ષની સજા તથા રૂા.૪,૮૦,૦૦૦ ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કરેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢમાં 3 વેપારી સાથે છેતરપિંડી કરનાર આંગડિયા પેઢીના સંચાલક એક દિવસના રિમાન્ડ ઉપર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢમાં ૩ વેપારી સાથેની છેતરપિંડીના ગુનામાં ફરાર આંગડિયા પેઢીના સંચાલકની પોલીસે અટક કરી વધુ તપાસ હાથ ધરી છે. જૂનાગઢ શહેરના પંચહાટડી ચોક વિસ્તારમાં આવેલ શ્રી ગણેશ આંગડિયા પેઢીના સંચાલક હરિસિંહ શંકર ચાવડા વિરૂદ્ધ રૂપિયા ૮.૩૨ લાખની છેતરપિંડીની ફરિયાદ નવેમ્બર માસમાં થઈ હતી. આ શખ્સને શહેરના ૩ વેપારીએ તેમની પાર્ટીને મોકલવા માટે રૂપિયા ૮.૩૨ લાખ આપ્યા હતા પરંતુ હરીસિંહ ચાવડાએ વેપારીઓની પાર્ટીને પેમેન્ટ પહોંચાડ્યું ન હતું. દરમ્યાન આ કિશન જુનાગઢ આવ્યો હોવાની માહિતી મળતા એ ડિવિઝનના પીઆઈ વત્સલ સાવજના માર્ગદર્શનમાં પીએસઆઈ સીદી સહિતના સ્ટાફે હરીસિંહ ચાવડાને દબોચી લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ આંગડિયા સંચાલકે મોટી રકમનું ફૂલેકું ફેરવ્યું હતું અને પરિવાર સાથે નાસી ગયો હતો. દરમ્યાન ગઈકાલે કોર્ટમાં હાજર થતા કોર્ટે તેના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

## ગુજરાતના ઘરેણા સમાન એશિયાટીક સિંહોના સંરક્ષણ માટે સરકાર હંમેશા કટિબધ્ધ

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સિંહોના ભવિષ્યને વધુ સુરક્ષિત કરવા પ્રોજેક્ટ લાયન અમલી : કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૦૦ લાખની સહાય

ગાંધીનગર, તા.૧૪

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતના ઘરેણા સમાન એશિયાઈક સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે.

વિધાનસભા ખાતે રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે સહાય અંગેના પ્રશ્નના પ્રત્યુતરમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતના પનોતાપુત્ર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા એશિયાટીક સિંહોના ભવિષ્યને સુરક્ષિત કરવા પ્રોજેક્ટ લાયન અમલી બનાવ્યો છે. જે હેઠળ સિંહોની વધતી સંખ્યા માટે વધુ સુરક્ષિત રહેઠાણના વ્યવસ્થાપન,સ્થાનિક નાગરિકોની આજીવિકા નિર્માણ અને તેમની સહભાગીદારી નિશ્ચિત કરવામાં આવી છે. આ ઉપરાંત બિગ કેટ ડીસીસ ડાયગ્નોસ્ટીકસ અને સારવાર વિષયક જ્ઞાનનું વૈશ્વિક હબ બનાવવા આવશે સાથે સાથે પ્રોજેક્ટ લાયન દ્વારા જૈવિક સંરક્ષણ માટે પણ સઘન પ્રયાસો કરાશે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા જાન્યુઆરી ૨૦૨૩ની સ્થિતિએ રૂા.૨૦૦ લાખની સહાય મળી છે.

મંત્રી પટેલે સિહોના સંરક્ષણ માટે લેવાયેલા પગલાની વધુ વિગતો આપતા કહ્યું કે, સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓની બિમારી તેમજ અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની તેમજ વન વિભાગ દ્વારા સિંહોના અવર-જવર વાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્ય પ્રાણી મિત્રોની પણ નિમણૂંક કરવામાં આવી છે. વન્યપ્રાણીઓના રેસ્ક્યુ માટે રેપિડ એક્શન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવી છે.જુદા જુદા સ્થળોએ વન્યપ્રાણી સારવાર કેંદ્રોની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ અભ્યારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવ્યા છે. લોક જાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો પર સાઈન બોર્ડ મુકવામાં આવેલા છે.



સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલિંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી ફાળવવામાં આવી છે. સમયાંતરે પોલીસ વિભાગ, વન વિભાગ અને પી.જી.વી.સી.એલ.વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે. ગીર બોર્ડર અને તેના આસપાસના રેવન્યુ વિસ્તારોમાં અસુરક્ષિત ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવાની કામગીરી વન વિભાગ દ્વારા હાથ ધરાઈ છે. આ સિવાય અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવી છે. સક્કરબાગ તથા બરડામાં સાતવિરડા ખાતે કોરેન્ટાઈન ઝોન બનાવવામાં આવ્યો છે. સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવ્યું છે. સાસણ ખાતે હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવી છે અને લોકજાગૃતિના કામો કરવામાં આવે છે. રાજુલા-પીપાવાવ રેલ્વે ટ્રેકની આજુબાજુ ચેઈનલીંક કરવામાં આવી છે. ટ્રેકર્સની નિમણૂંકની સાથે સ્ટાફને સમયાંતરે તાલિમ આપવામાં આવે છે?? તેમ, મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું.

# મહાશિવરાત્રીના મેળાના આયોજન માટે ૧૩ સમિતિઓની રચના કરાઈ

## કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ શ્રદ્ધાળુઓ માટે જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓ ઊભી કરવા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓને સોંપાયેલી ફરજો

જૂનાગઢ, તા.૧૪

કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે, આ મેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પધારતા હોય છે, ત્યારે તેમને જરૂરી પ્રાથમિક સુવિધાઓ મળી રહે, વ્યવસ્થાઓ જળવાઈ અને સુચારુ આયોજન માટે કલેક્ટરે એક આદેશ દ્વારા ૧૩ જેટલી સમિતિઓની રચના કરી છે.

ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ તળેટી વિસ્તારમાં પરંપરાગત રીતે દર વર્ષે મહા વદ -૯ એટલે કે તા.૫ માર્ચે આ સ્વયંભૂ મેળાનું પ્રારંભ થશે. મહાશિવરાત્રીનો મેળો આધ્યાત્મિક અને પૌરાણિક રીતે વિશેષ મહત્વ ધરાવતો હોવાથી આ મેળામાં સાધુ સંતોની સાથે વિશાળ જન સમુદાય ઉમટી પડે છે. કલેકટરે આ સમિતિઓની રચના દ્વારા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓને જુદી જુદી ફરજો સોંપી છે. જેથી સંકલન સાથે જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરી શકાય.

કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં રચાયેલ મુખ્ય સંકલન સમિતિ સહિત ૧૩માં સમિતિમાં મેળા સ્થળ આયોજન સમિતિ, જાહેર સલામતી તથા ટ્રાફિક નિયંત્રણ સમિતિ, ઈલેક્ટ્રીક લાઈટ અને સાઉન્ડ સમિતિ, આમંત્રણ સ્વાગત અને પ્રોટોકોલ સમિતિ, સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ, પાણી પુરવઠા સમિતિ, સફાઈ તથા ડ્રેનેજ સમિતિ, આરોગ્ય અને આકસ્મિક સારવાર સમિતિ, સંદેશા વ્યવહાર તથા પ્રચાર પ્રસાર સમિતિ, પ્રકાશન સમિતિ, આવશ્યક ચીજ વસ્તુ સુવિધા સમિતિ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સમિતિનો સમાવેશ થાય છે.

# જૂનાગઢ જીલ્લામાં રિસર્વે બાદ રેકર્ડમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા ઝુંબેશ શરૂ કરાશે

## તબક્કાવાર ગામોના દરેક સર્વે નંબર માપણી કરવામાં આવશે : ખાતેદાર-કબજેદારને સહકાર આપવા અનુરોધ

જૂનાગઢ, તા.૧૪

રીસર્વે બાદ રેકર્ડમાં રહેલ વિસંગતતાઓ - ક્ષતિઓ દૂર કરવા માટે હાલ જૂનાગઢ ક્ષતિ સુધારણા કાર્યક્રમ પ્રગતિમાં છે. આ કાર્યક્રમ હેઠળ હાલ જૂનાગઢ જિલ્લાના પાંચ ગામોમાં રેકર્ડમાં રહેલ તેઓ ક્ષતિઓ દૂર કરવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

મેંદરડાના ગડકીયા ગામે આવતીકાલ તા.૧૫-૨-૨૪ તથા ગુંદીયાળી ગામે તા.૨૨-૨-૨૪, ભેંસાણના નવા વાઘણીયા ગામે તા.૧૬-૨-૨૪, માણાવદરના ખખાવી ગામે તા.૨૨-૨-૨૪ અને વંથલીના બંધડા ગામે તા.૧-૩-૨૦૨૪થી આ રેકોર્ડ ક્ષતિ સુધારણાની ઝુંબેશ શરૂ કરવામાં આવશે. તબક્કાવાર જિલ્લાના અન્ય ગામોમાં પણ રેકર્ડ ક્ષતિ સુધારણાની આ ઝુંબેશ આગળ વધારાશે. આ ઝુંબેશ હેઠળ સમગ્ર ગામના દરેક સર્વે નંબરની માપણી કામગીરી હાથ ધરવાની હોય જેથી ખાતેદાર-કબજેદાર માપણી સમયે સ્થળ પર હાજર રહી માપણી કામગીરી માટે જરૂરી સહકાર આપવા પણ અપીલ કરવામાં આવી છે. તેમ ડિસ્ટ્રિક્ટ લેન્ડ રેકર્ડઝ ઈન્સ્પેકટરની યાદીમાં જણાવાયું છે.

# ખેલમહાકુંભમાં જીલ્લા કક્ષાએ લોઢવા ગામ અને કન્યા શાળાનું ગૌરવ વધારતી કન્યાઓ

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા. ૧૪



તારીખ ૯ અને ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ બે દિવસ માટે રમાયેલ જિલ્લા કક્ષાના ખેલમહાકુંભ -૨૦૨૩-૨૪ માં કરાટે અને ટેકવિન્ડો એમ બે પ્રકારની ઈવેન્ટમાં રમવા માટે લોઢવા કન્યા પ્રા. શાળાની બંને દિવસ ૧૨-૧૨ ખેલાડીઓ રમવા ગયેલ તો તેમાં જબરદસ્ત પ્રદર્શન કરીને પ્રથમ સ્થાને ૫(પાંચ) દિકરીઓ,દ્વિતિય સ્થાને ૩(ત્રણ) અને તૃતીય સ્થાને ૨(બે) દિકરીઓએ જીત હાંસલ કરીને લોઢવા ગામ તથા કન્યા શાળાનું ગૌરવ વધારેલ છે..આ તમામ દીકરીઓને ચોતરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે અને ગામ લોકો હર્ષની લાગણી અનુભવી રહ્યા છે.

આ તમામ ખેલાડીઓને ટ્રેનિંગ આપી રાજય કક્ષાએ પહોંચાડવામાં મુખ્યત્વે ફાળો અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન અને ટ્રેઈનર અક્ષયભાઈ પરમારનો રહ્યો છે સાથે પણ સહકાર અદભુત રહ્યો છે.તમામ જોડાયેલ બાળાઓના માતા-પિતાએ પણ આ સાહસિક રમતમાં સંમતિ આપીને સહકાર આપવા બદલ આ તમામ સહભાગી લોકોનો શાળા પરિવાર આભારી છે.

# જૂનાગઢ મહિલા આઈટીઆઈમાં સ્પોર્ટસ વીકનો કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ મહિલા આઈટીઆઈ ખાતે સ્પોર્ટ્સ વીકનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા આઈટીઆઈમાં અભ્યાસ કરતાં તમામ તાલીમાર્થીઓએ દોડ, ચેસ, કેરમ, વોલીબોલ, બેડમિંટન જેવી અલગ અલગ સ્પર્ધા મા ભાગ લીધો હતો.જેમાં ૧ થી ૩ નંબર ના વિજેતાઓને ગિફ્ટ વાઉચર ડો. પિયુષ બોરખતરિયા (એસ્થે કાયા કલ્પ ક્લિનિક જૂનાગઢ) તરફ થી આપવામા આવ્યા હતા અને તેઓ એ જીવન મા સ્પોર્ટ્સ તેમજ ફિઝિકલ એકટીવીટીનું મહત્વ શા માટે જરૂરી છે તેના વિશે માર્ગદર્શન આપ્યુંહતું.

બધા વિજેતાઓને ઓજસ્વી ફાઉન્ડેશન - સુરત તરફથી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્વપ્ર યુવા વિકાસ મંડળના પ્રમુખ હર્ષદ વાજાએ અલગ અલગ સરકારી યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા. જૂનાગઢ મહિલા આઈટીઆઈમાં કુલ ચાર રોજગારીલક્ષી ફૂલ ટાઈમ અને ત્રણ ટુંકા ગાળાના સર્ટિફિકેટ કોર્ષ ચાલે છે. જે કોર્ષ દરમ્યાન બહેનોને શિષ્યવૃતિ, સ્ટાઈપેન્ડ, સાઈકલ, બસ પાસ જેવી યોજનાનો લાભ આપવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિન્સિપાલ પ્રિયેશ વાળા, સ્ટાફ અંજનાબેન ટાંક, શ્વેતાબેન કુકડિયા, શીતલબેન પટોડિયા, દિશાબેન બંસલ, નિકુંજભાઈ ભેંસદડીયા, મીતેષભાઈ ડોડીયા, શિતલબેન ગોંડલીયા અને પી. ડી. સિન્હાએ જહેમત ઉઠાવી હતી.

# સમુદ્રી સેવાળની ખેતીની તાલીમ માટે રાજ્યના ખેડુતો તામિલનાડુ પહોંચ્યા, માસ્ટર ટ્રેનર બનાવી મહિલાલક્ષી રોજગારી ઉભી કરાશે





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૪

વેરાવળમાં આવેલ સી.એમ.એફ.આર.આઈ. દ્વારા સમુદ્રી શેવાળની ખેતી માટે કચ્છના ખેડૂતોને રાષ્ટ્રીય સ્તરની તાલીમ માટે મોકલવામાં આવેલ છે. આ તાલીમનો હેતુ કચ્છના ખેડૂતોને શેવાળની ખેતીમાં માસ્ટર ટ્રેનર બનાવવાનો છે અને દરિયાના પાણીનો લાંબાગાળા વિકાસ કરી નવો મહિલાલક્ષી રોજગારી ઊભો કરવાનો છે.

આઈ.સી.એ.આર. સેન્ટ્રલ મરીન ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વડાપ્રધાન કાર્યાલયની દેખરેખ હેઠળ અને મત્સ્યઉદ્યોગ મંત્રાલય અંતર્ગતનો સર્વોચ્ચ પ્રાથમિકતા મિશન અને વ્યૂહાત્મક રણનીતિક પ્રોજેક્ટ સમુદ્રી શેવાળની ખેતી તેમજ શક્યતાનું મૂલ્યાંકનનું ભારત-પાક. બોર્ડર તથા કચ્છના અન્ય સ્થાનો પર સંશોધન તથા પ્રચાર અર્થેની પ્રવૃત્તિઓની કામગીરી કરવામાં આવે છે. આ પ્રોજેક્ટના ભાગ હેતુ, ગુજરાતના કચ્છ વિસ્તારના સમુદ્રી શેવાળના ખેડૂતો માટે સીવીડ (સમુદ્રી શેવાળ) ઉછેર અંગે રાષ્ટ્રીય કક્ષાનો એક્સપોઝર (પ્રવાસ) અને હેન્ડસ-ઓન તાલીમનું અદ્ભુત આયોજન આઈ.સી.એ.આર. તથા સી.એમ.એફ.આર.આઈ. ના વેરાવળ પ્રાદેશિક કેન્દ્ર દ્વારા ૨૩ જાન્યુઆરીથી ૧૩ ફેબુઆરી સુધી કરવામાં આવ્યું છે. આ તાલીમ અંતર્ગત કચ્છના ખેડૂતો અને મહિલાઓને પોતાની આજીવિકા શેવાળની ખેતી દ્વારા ચલાવી શકે તે અંતર્ગત તમિલનાડુ એટલે સમુદ્રી શેવાળની ખેતીનું હબ સુધી પ્રવાસ આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમ અંતર્ગત કચ્છ જિલ્લાની મહિલાઓ અને માછીમારો તથા શેવાળની ખેતી કરતા ખેડૂતોને સમુદ્રી શેવાળની વિસ્તૃત માહિતી અને તાલીમ માટે રાષ્ટ્રીયસ્તરના પ્રવાસનું આયોજન ડિપાર્ટમેન્ટ ઓફ ફિશરીઝના પી.એમ. એમ.એસ.વાય.ના પ્રોજેક્ટ અંતર્ગત આઈ.સી.એ.આર. તથા સી.એમ.એફ. આર.આઈ.ના ડાયરેક્ટર ડો.એ ગોપાલકૃષ્ણન, વેરાવળ પ્રાદેશિક સ્ટેશનના વડા ડો.સ્વાતિ લક્ષ્મી પી. એસ. ના માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટના પીઆઈ ડો. દીવું ડી., પ્રોજેક્ટના કો- પીઆઈ અને નોડલ ઓફિસર ડો.સુરેશ મોજજડા તેમજ પ્રોજેક્ટના યંગ પ્રોફેશનલ જયેશ ડી. દેવળીયા, દિપ્તી સિંઘ, ધનુષ વનીયાર, મયુર તાડે, પ્રાચી બાગડે તથા ટીમ મેરીકલ્ચર દ્વારા આ પ્રવાસને સફળ બનાવવા ખંતપૂર્વક કામગીરી કરવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટના પ્રવાસ અંતર્ગત ઉદઘાટન સમારંભ બાદ સી.એમ.એફ.આર.આઇ. વેરાવળ કેન્દ્રના વડા ડો.સ્વાતિ લક્ષ્મી પી એસ., સી.આઈ.એફ.ટી. વેરાવળ કેન્દ્રના વડા ડો. આશિષ કુમાર ઝા, પ્રોજેક્ટ પીઆઈ ડો. દિવું ડી તથા સમસ્ત મેરીકલ્ચર સ્ટાફ દ્વારા તા.૬ ફેબુઆરીના સવારે વેરાવળ રેલ્વે સ્ટેશન પર લીલીઝંડી આપી આ રાષ્ટ્રીયકક્ષાના પ્રવાસનો શુંભારભ કરવામા આવેલ છે. આ પ્રવાસનો મુખ્ય હેતુ કચ્છના ખેડૂતોને શેવાળની ખેતીમાં માસ્ટર ટ્રેનર બનાવવાનો છે અને દરિયાના પાણીનો લાંબાગાળા વિકાસ કરી નવો મહિલાલક્ષી રોજગારી ઊભો કરવાનો છે. કચ્છના છેવાડાના લોકો માત્ર રોજગારી માટે બીજા અન્ય સ્થાનો પર સ્થાનાતર કરે છે જે આ પ્રોજેક્ટ દ્વારા રોકી શકાશે. આ શેવાળની ખેતી દ્વારા કચ્છની મહિલાઓને સહભાગી કરીને મહિલાઓની આર્થિક સમૃદ્ધિથી, સમાજ અને દેશની સામાજિક સમૃદ્ધિના દરવાજા ખોલી શકીશું. કચ્છ ધારે તો શું ના કરી શકે, આખા વિશ્વને નમક પૂરું પાડે છે તેનું ઉત્સુક ઉદાહરણ છે તેજ રીતે કચ્છના ખંતિલા, શ્રમજીવી અને સાહસિક માછીમાર સમુદાય દ્વારા આવનારા સમયમાં ડિપાર્ટમન્ટ ઓફ ફિશરીઝના ભંડોળ અને આ.ઈ.સી.એ.આ.ર.-સી.એમ.એફ.આર.આઈ. ના દરીયાઇ શેવાળ અને મેરીકલ્ચર વિશેના તકનિકી જ્ઞાન દ્વારા કચ્છને દક્ષિણભારત જેવું સમુદ્રી શેવાળની ખેતી માટેનું હબ બનાવવા માટેના પ્રયાસો આગળ વધી રહ્યા છે.

હાલ આ રાષ્ટ્રીય કાર્યકમ અંતર્ગત કચ્છના ૫ ખેડૂતો આઈ.સી.એ.આર. તથા સી.એમ.એફ.આર.આઈ. ના મંડપ અને ટુટીકોરિન ખાતે, વેરાવળના ૨ યંગ પ્રોફેસનલની આગેવાની હેઠળ તમિલનાડુના વિવિધ શેવાળની ખેતીના હબ ઉપર મુલાકાત લઈ શેવાળના માસ્ટર ટ્રેઈનર અંગેની તાલીમ લઈ રહ્યા છે.

# સર્વિસ બુક ખોવાઈ જવાના કિસ્સામાં એક લાખનું વળતર આપતી જૂનાગઢની કોર્ટ

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢના મહીલા ધારાશસ્રી ધારાબેન ચૌહાણના પિતાશ્રી નટવરલાલ ચૌહાણ સિંચાઈ વિભાગ જૂનાગઢમાં અધીક મદદનીશ ઈજનેર તરીકે નોકરી કરતા હતા. અને વય મર્યાદાના કારણે તા.૩૦/૯/૨૦૦૪ ના રોજ સેવા નિવૃત થયેલા હતા. તેઓ નિવૃત થયા બાદ તેઓને દ્રીતીય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ નહી તે બાબતે અવાર-નવાર સરકાર સાથે પત્ર વ્યવહાર કરવા છતાં કોઈ જવાબ આપેલ નહી અને સર્વિસ બુક ખોવાઈ ગયેલ છે તેવા કારણોસર દ્રીતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરેલ નહી અને તેને કારણે નિવૃતીના બધા જ લાભો અટકી ગયેલા હતા. તેથી ૨૦૦૪ માં નિવૃત થયા બાદ ૨૦૧૯ માં જુનાગઢની સીવીલ કોર્ટમાં તેમના ધારા શાસ્ત્રી કિરીટકુમાર સંઘવી ધ્વારા દિવાની દાવો દાખલ કરેલ જે દાવામાં સરકાર તરફે કબુલાત કરવામાં આવેલી કે સર્વિસ બુક ખોવાઈ ગયેલ છે માટે દ્રીતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયેલ નથી. પુરાવાના અંતે જુનાગઢના તે સમયના મુખ્ય સીની. સીવીલ જજ શ્રી મીહીરસિહ ઝાલા સાહેબે સરકારનો રૂા.૫૦,૦૦૦/- દંડ કરીને તાત્કાલીક અસર થી નિવૃતીના લાભ ચુકવી આપવા માટે હુકમ કરેલ. આમ છતાં સરકારે ફક્ત રૂા.૨,૦૦,૦૦૦/- કોર્ટમાં જમા કરાવેલ અને બાકીની રકમ માટે કોઈ સ્પષ્ટતા કર્યા વગર જુનાગઢની ડિસ્ટ્રીકટ કોર્ટમાં મુદત માફ કરવાની અરજી સાથે અપીલ કરેલી જે તે સમયના ડિસ્ટ્રીકટ જજે મુદત માફ કરીને સુનાવણી ઉપર રાખેલ અને જૂનાગઢના એડી. ડિસ્ટ્રીકટ જજ પાંડેની કોર્ટમાં સુનાવણી ઉપર રાખતા સરકારી વિકલ તરફ થી એવી દલીલ થઈ કે સર્વિસ બુક ગુમ થયેલ હોવાથી નટવરલાલ ચૌહાણનું દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજુરથયેલ નથી અને જે મંજુર થયા બાદ તેમને નિવૃતીના બધા લાભ આપી શકાય તેમ છે. એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ શ્રી પાંડે સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરને હાજર રાખીને બને તેટલી ઝડપે નિવૃતીના લાભો ચુકવવા મૌખીક જણાવેલ પરંતુ તેનુ કાંઈ પરીણામ ન આવતા અપીલનો ગુણદોષ ઉપર નિકાલ કરીને સિંચાઈ વિભાગની ઝાટકણી કાઢી આ કાનુની પ્રકરણ દરમ્યાન નટવરલાલ ચૌહાણને નિવૃતીના લાભ મળી શકેલ નથી તે બાબતે સરકારની આલોચના કરીને અપીલ રદ કરેલ એટલુ જ નહી પરંતુ સિંચાઈ વિભાગની બેદરકારીને કારણે ગુજ. નટવરલાલ ચૌહાણને જે હેરાનગતી થયેલ તે માટે તેમને અપીલ ના ખર્ચ પેટે રૂા. ૫૦,૦૦૦/- અલગ થી ચુકવી આપવા આદેશ કરેલ અને સાથો સાથ એવો પણ હુકમ કરેલ કે જે કર્મચારીની બેદરકારીથી સરકારને આ રકમ ચુકવવી પડે તેમ છે તે તેમના પગાર માંથી વસુલ કરી તે અંગેનો રીપોર્ટ નામ. નીચેની કોર્ટ સમક્ષ રજુ કરવો આ રીતે સીવીલ કોર્ટે રૂા.૫૦,૦૦૦/- ખર્ચ અપાવેલ અને નામ. ડિસ્ટ્રીકટ કોર્ટે બીજા રૂા.૫૦,૦૦૦/- થઈને કુલ રૂા. ૧,૦૦,૦૦૦/- સિચાઈ વિભાગના અધીકારીની બેદરકારીના કારણે ચુકવવા પડેલ તે બાબતે હુકમ થતા સબંધીત કર્મચારીના પગારમાંથી કાપી લેવામાં આવશે. તેવો આદેશ હોય સિચાઈ વિભાગમાં ખેડબકાટ મચી ગયેલ છે અને જવાબદાર સામે ખાતાકીય તપાસ સહીતના પગલાઓ લેવાનુ સરકાર વિચારી રહી છે. અદાલતના આ ચુકાદાથી સરકાર માં જે બેદરકારી પ્રવર્તી રહી છે તેવા અધીકારીઓ હવે જાગી જશે કારણ કે ગમે તયારે અંગત જવાબદારી આવી શકે છે. શુલ્લક કારણોસર પેન્સન સહીતના નિવૃતીના લાભો સરકાર અટકાવે છે ત્યારે જુનાગઢની સીવીલ કોર્ટ અને ડિસ્ટ્રીકટ કોર્ટના આ બંને ચુકાદાઓ સરકાર સામે લાલબતી સમાન છે.

# વિસાવદર કોર્ટ દ્વારા વિજ કંપનીની લેણી રકમની દરખાસ્તમાં મહિલાનું પકડવોરન્ટ કાઢતા રકમ ભરાઈ

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧૪

વિસાવદર સિવિલ કોર્ટમાં પી.જી. વી.સી.એલ.કંપનીના અધિક્ષક ઈજનેર બી.ડી.પરમારસાહેબની સૂચના અને માર્ગદર્શનથી વિસાવદર સિવિલ કોર્ટમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના સબ ડિવિઝન નંબર-(૨)ના નાયબ ઈજનેર કમલ અખેણીયા દ્વારા વિસાવદર કોર્ટમાં ઈશ્વરિયા ગામના ગુજ.મહેશભાઈ હરિભાઈ સોલંકી ના વારસ સંગીતાબેન મહેશભાઈ સોલંકી સામે રૂપિયા ૫૯, ૯૦૭-૭૬ પૈસા વસુલ મેળવવા માટે વિસાવદર કોર્ટમાં દિવાની દરખાસ્ત નંબર ૩૦/૨૩ થી દરખાસ્ત ચાલતી હોય તે દરખાસ્તમાં પ્રતિવાદી ગુજ.મહેશભાઈ હરિભાઈ સોલંકીના વારસ સંગીતાબેન મહેશભાઈ સોલંકી દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની દરખારતમાં કોર્ટનો હુકમ હોવાછતાં રકમ જમા નહિ કરાવતા પશ્ચિમ ગુજરાત વીજ કંપની વિસાવદર સબ ડિવિઝન નંબર (૨)ના અધિકારી કમલ અખેણીયા દ્વારા તેમની એટલે કે પ્રતિવાદીની મિલકત જપ્તી કરવા હુકમ કરેલ પ્રતિવાદી પાસે કોઈ જંગમ મિલકત નહિ હોવાથી પ્રતિવાદી ને સિવિલ જેલમાં બેસાડવાની અરજી વિસાવદર કોર્ટમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના એડવોકેટ નયનભાઈ જોશી મારફતે અરજી કરી રજુઆત કરતા કોર્ટ પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના એડવોકેટ નયનભાઈ જોશીની દલીલો દયાને લઈ પ્રતિવાદીને સિવિલ જેલમાં બેસાડવાની અરજી કરેલી તે અરજીના કામમાં પણ પ્રતિવાદીને નોટિસ કરતા પ્રતિવાદી હાજર નહિ રહેતા કોર્ટ પ્રતિવાદી વિરૂદ્ધ પકડ



વોરન્ટ કાઢતા અને વિસાવદર કોર્ટના બેલીફ એમ.ડી.વાઢેર તથા જીતેન્દ્ર લાલવાણી દ્વારા પ્રતિવાદીને જાણ કરતા પ્રતિવાદીએ નામદાર કોર્ટમાં હાજર થઈ રૂપિયા ૧૫,૦૦૦/- રોકડા ભરી આપેલ અને તેમની પાસે ચેકબુક ન હોય પ્રતિવાદી દ્વારા તેમના દેરના નામના રૂપિયા ૨૨,૫૦૦/- તથા રૂપિયા ૨૧૪૧૦/-ના બે ચેક આપી બે માસમાં રકમ જમા કરાવવાની ખાતરી આપતા તે રીતે દરખાસ્તમાં સમાધાન નોંધાવવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

## સમાન નાગરીક સંહિતા બીલને ઉત્તરાખંડ સરકારે કર્યુ મંજુર

લાંબા સમયથી ચર્ચામાં રહેલ સમાન નાગરિક સંહિતાને લઈને સૌથી પહેલાં ઉત્તરાખંડ સરકારે પહેલ કરી છે. આજે વિધાનસભામાં પુષ્કર સિંહ ધામી સરકાર યુસીસી (સમાન નાગરિક સંહિતા) બિલ રજૂ કર્યું. યુસીસીના ડ્રાફ્ટ બિલને મંત્રીમંડળે મંજૂરી આપી દીધી છે. ઉત્તરાખંડ મંત્રીમંડળે સમાન આચાર સંહિતાના ડ્રાફ્ટ બિલને મંજૂરી આપી દીધી છે, આ ચાર દિવસના વિશેષ સત્રમાં આસાનીથી પસાર પણ થઈ જશે. કારણ કે ઉત્તરાખંડ સરકારમાં ભાજપ પાસે પર્યાપ્ત બહુમતી છે. પ્રદેશની વિધાનસભામાં ભાજપ પાસે ૪૭ અને કોંગ્રેસ પાસે ૧૯ સીટો છે. આ રીતે દેશને આઝાદી મળ્યા બાદ સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ કરનારું ઉત્તરાખંડ પહેલું રાજ્ય બની જશે. અસમ અને ગુજરાત જેવાં રાજ્યો પણ ઉત્તરાખંડ મોડેલ પર જ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની તૈયારીમાં છે. યુસીસી દેશની રાજનીતિના સૌથી વિવાદિત મુદ્દાઓમાં એક છે. જોકે બંધારણમાં પણ નીતિ નિર્દેશક તત્ત્વો રૂપે તેનો ઉલ્લેખ છે જ. એ દૃષ્ટિએ રાજનીતિની તમામ ધારાઓ એ વાત પર એકમત રહી છે કે દેશમાં તમામ પંથો, આસ્થાઓ સાથે જોડાયેલા લોકો પર એક જ પ્રકારના કાયદા લાગુ થવા જોઈએ. તેને વ્યવહારમાં લાવવા પર જો અસહમતિ રહી તો તેનો આધાર એ હતો કે કોઈ સમૂહને એવું ન લાગવું જોઈએ કે તેની આસ્થા કે સંસ્કૃતિને જબરદસ્તી અલગ કરાય છે.

જોકે છેલ્લા કેટલાક સમયથી તેના પર સારી એવી ચર્ચાઓ થઈ છે. ભાજપ લાંબા સમયથી તેની માંગ કરતી આવી છે અને તેણે આ મુદ્દાને જોરદાર રીતે ઉઠાવ્યો છે. ત્યાં જ ન્યાયપાલિકા દ્વારા પણ તેને વારંવાર લાગુ કરવાની જરૂરિયાત જણાવવામાં આવી છે. એવામાં એ માની શકાય કે દેશમાં તેને લઈને જાગૃતિ હાલના દિવસોમાં વધી છે. તેથી એક એક કરીને અલગ અલગ રાજ્યોમાં તેને લાગુ કરવા અને ત્યાંના અનુભવોના આધાર પર આગળ વધવાનો ખ્યાલ ખોટો નથી. જોકે ઉત્તરાખંડ સરકાર એના પર ધીમે ધીમે જ આગળ વધી છે, પરંતુ જસ્ટિસ રંજના દેસાઈની આગેવાની વાળી સમિતિનો રિપોર્ટ સાર્વજનિક નથી કરવામાં આવ્યો અને રવિવારે કેબિનેટ મંજૂરી આપી દીધા બાદ પણ મીડિયાને ઔપચારિક રીતે જાણકારી નહોતી આપવામાં આવી, તેથી તેની જોગવાઈઓ પર થોડું સસ્પેન્સ છે. આશા રાખીએ કે વિધાનસભામાં તેને રજૂ કરવા અને ત્યાં ચર્ચા શરૂ થયા બાદ તેની સાથે જોડાયેલ કેટલાંય પાસાં પર પ્રકાશ પડશે અને તમામ દુવિધાઓ, શંકા દૂર થઈ જશે. હાલમાં મીડિયામાં જે માહિતી ફરી રહી છે, તે અનુસાર વિવાહ, તલાક, દત્તક સાથે જોડાયેલા કાયદામાં એકરૂપતાની જે જોગવાઈ છે તે યુસીસીની મૂળ અવધારણાને અનુરૂપ જ છે. હા, લિવ ઈન રિલેશન વિશે પહેલેથી જાણકારી આપવા અને રજિસ્ટ્રેશન કરાવવાની અનિવાર્યતા પર થોડું વિચારવાની જરૂર લાગે છે. આ સંબંધ વિવાહ સાથે સંકળાયેલ ઔપચારિકતાઓ, પ્રતિબદ્ધતાઓથી બચવાની યુવા આકાંક્ષાની ઉપજ છે. એવામાં તેને એ જ સ્થિતિસ્થાપકતા સાથે કાનૂની દાયરામાં લાવવાની જરૂર છે નહિ તો આ કવાયત બેકાર થવાનો ખતરો છે. જોકે હાલમાં કેટલાય કિસ્સામાં લિવ-ઈન સંબંધોના દુરુપયોગના કિસ્સા જોતાં સરકારે આ નિર્ણય લીધો હોવાની શક્યતા છે. એકંદરે રાજ્ય સરકારની આ મોટી પહેલ છે અને એના પર અમલની પ્રક્રિયા જ નહીં, તેનાં પરિણામો પર પણ આખા દેશની નજર રહેશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

તુલસી સીતા રામકું, રીઝ ભજો કે ખીજ. ઉલટા-સુલટા વાવીએ, જયું ખેતર મેં બીજ. - સંત તુલસીદાસજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૫ વસંત પંચમી, શ્રી સરસ્વતિ પૂજન, શ્રી પૂજન, મદન પંચમી, પંચક (૧૦:૪૩ ક.થી સમાપ્ત) તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪, બુધવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૩, રેવતી નક્ષત્ર, શુભ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૨૬, સૂ.અ.૬:૪૫

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સવારે ૧૦:૪૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નાણાંકીય સમસ્યા ગુંચવાય. પ્રગતિમાં રૂકાવટ આવે.
વૃષભ: કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે.
મિથુન: નવિન લાભની તક સાંપડે. પ્રિયજનથી મુલાકાત સફળ બને.
કર્ક: મનમાં ગુપ્ત ચિંતા સતાવે. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
સિંહ: નવા આયોજન સફળતાથી પાર પડે. ગૃહસ્થીજીવન આનંદમય
કન્યા: મહત્વની મુલાકાત સફળ નીવડે. મનમાં ગુપ્ત ચિંતા રહે.
તુલા: વાણી સંયમ જાળવવો હિતાવહ. કાર્યબોજ વિશેષ રહે.
વૃશ્ચિક: ગૃહસ્થીજીવનમાં આનંદ છવાઈ જાય. અણધાર્યો લાભ મળે.
ધન: કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.
મકર: કૌટુંબિક કાર્યમાં સફળતા મળે. મહત્વના કાર્યો પૂર્ણ થાય.
કુંભ: વિરોધીઓના હાથ હેઠા પડે. નવિન ઓળખાણથી લાભ થાય.
મીન: માનસિક ચિંતામાં વધારો થાય. જીવનસાથી મનદુઃખ થાય.

### RBIએ બનાવ્યો નવો પ્લાન

# ઓનલાઈન ટ્રાન્ઝેક્શન માટે હવે OTPની જરૂર નહીં પડે!

નવી દિલ્હી, તા.૧૪

ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા છેતરપિંડીના કિસ્સાઓ વધી રહ્યા છે. આને રોકવા માટે આરબીઆઈ સમયાંતરે કામ કરતી રહે છે. હવે આરબીઆઈ ઓનલાઈન છેતરપિંડી રોકવા માટે એક નવી સિસ્ટમ બનાવવા જઈ રહી છે, જેથી તમારે પેમેન્ટ કરવા માટે OTPની જરૂર નહીં પડે. હાલમાં, કોઈપણ જગ્યાએ કોઈપણ ઓનલાઈન વ્યવહાર કરવા માટે, તમને ચકાસણી માટે SMS દ્વારા OTP પ્રાપ્ત થાય છે. આ OTP પદ્ધતિ એ સુનિશ્ચિત કરે છે કે ઓનલાઈન પેમેન્ટમાં કોઈ ખલેલ કે છેતરપિંડી ન થાય.

OTP નો સૌથી સામાન્ય વિકલ્પ ઓથેન્ટિકેટર એપ છે. આ માટે વપરાશકર્તાઓને તેમના મોબાઈલ ફોન પરની અન્ય એપ્લિકેશનમાંથી પાસવર્ડ પુનઃપ્રાપ્ત કરવાની જરૂર છે. સેવા પ્રદાતાઓએ મોબાઈલ એપ્લિકેશન્સમાં ટોકન્સ જેવા અન્ય વિકલ્પો પણ વિકસાવ્યા છે. પરંતુ આ બધી પ્રક્રિયાઓ માટે ફોનની જરૂર પડે છે.

આ માટે RBIએ બેંકોને SMS આધારિત વન-ટાઈમ પાસવર્ડ (OTP)ના વિકલ્પ પર

## આરબીઆઈ વધુ એક સુરક્ષા પદ્ધતિ લાવવાનું વિચારી રહી છે તેના દ્વારા ગ્રાહકોના ઓનલાઈન ટ્રાન્ઝેક્શનને સુરક્ષા મળશે

વિચાર કરવા કહ્યું છે. પરંતુ વિકલ્પ ગમે તે હોય, મોબાઈલ ફોનની ઉપયોગિતા યથાવત રહેશે. બેંકર્સ કહે છે કે OTPs છેતરપિંડી માટે સંવેદનશીલ હોય છે, જ્યાં કોઈ વ્યક્તિ ગ્રાહકોને પાસવર્ડ આપીને અથવા સિમ સ્વેપ દ્વારા તેને પકડી શકે છે.

રૂટ મોબાઈલના એમડી અને સીઈઓ રાજદીપકુમાર ગુપ્તા કહે છે કે તેમની કંપની વિવિધ સર્વિસ પ્રોવાઈડર્સ વતી દર મહિને લગભગ ૪૦૦ કરોડ OTP મોકલે છે. પરંતુ, ડિજિટલ સિસ્ટમના વિકાસ સાથે, છેતરપિંડીની શક્યતા પણ વધે છે. તેમણે જણાવ્યું હતું કે વધતી જતી છેતરપિંડીથી કંપની ટ્રૂઅન્સ ડિવિઝન શરૂ કરવા માટે પ્રેરિત થઈ છે. ટ્રૂસેન્સે OTP-લેસ પ્રમાણીકરણ રજૂ કર્યું છે, જ્યાં સેવા પ્રદાતા પાસે વપરાશકર્તાઓના ઉપકરણ સાથે સીધું ડેટા કનેક્શન હશે. તે મોબાઈલ નંબરની ઓળખ કરશે અને વપરાશકર્તાને OTP દાખલ કર્યા વિના ઉપકરણ સાથે ટોકનનું વિનિમય કરશે.

ડેવિડ વિગર, ડિજિટલ ઓળખના એક્ઝિક્યુટિવ વીપી, કહે છે કે બાયોમેટ્રિક્સ એકમાત્ર શ્રેષ્ઠ પ્રમાણીકરણ વિકલ્પ નથી, કારણ કે AI માં એડવાન્સિસે ચહેરાની ઓળખને બાયપાસ કરીને ડીપફેક્સનું નવું જોખમ ઊભું કર્યું છે.

વિગરના મતે, મોબાઈલ ફોન ભારતીય બજાર માટે શ્રેષ્ઠ ઓળખકર્તા છે કારણ કે ગ્રાહકે કનેક્શન મેળવતા પહેલા તેની ઓળખની ચકાસણી કરવી પડે છે. ઈમેઈલ એટલો સારો વિકલ્પ નથી, કારણ કે નકલી ઈમેલ ઓળખ બનાવવી સરળ છે. વધુમાં, કોઈપણ કેવાયસી વિના ઈમેલ જનરેટ કરી શકે છે.

## ભારતમાં ૩૦ કરોડથી વધુ યુપીઆઈના ઉપયોગકર્તા દુનિયામાં ભારતની UPI સેવાનો વ્યાપ વધ્યો

### ભૂતાન, મલેશિયા, યુએઈ, શ્રીલંકા, મોરેશિયસ સહિત ૧૦ દેશોમાં યુપીઆઈથી પેમેન્ટ કરી શકાય છેઃ વધુ અન્ય દેશોમાં યુપીઆઈનો ફેલાવો થશે

નવી દિલ્હી,તા.૧૪

ભારતની 'યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) સેવાની શરૂઆત સોમવારથી શ્રીલંકા અને મોરેશિયસમાં પણ શરૂ થઈ છે. અહેવાલ અનુસાર દેશોમાં આંતરરાષ્ટ્રીય નંબરોથી યુપીઆઈનો ઉપયોગ કરી શકાય છે, જયારે બે દેશોમાં સેવા શરૂ કરવા માટે વાતચીત ચાલુ છે. યુપીઆઈ અન્ય ૭ દેશોમાં પણ ઝડપથી શરૂ થવાની આશા છે.

આ મહિને મુખ્ય યુરોપીય દેશ ફ્રાન્સના પેરિસમાં સ્થિત એફિલ ટાવર પર પણ યુપીઆઈ સેવાઓ શરૂ કરવામાં આવી છે. યુપીઆઈ એક મોબાઈલ એપ્લીકેશન આધારિત સિસ્ટમ છે. જેના કારણે હાલમાં ભારતમાં ડિઝીટલ પેમેન્ટની પહોંચ દુર દુરના ગામો સુધી થઈ છે.

લોકો નાની નાની ખરીદી પણ યુપીઆઈના માધ્યમથી કરી રહ્યા છે તેને ભારતના પેમેન્ટ નિયામક નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) એ તૈયાર કરી છે તે ત્વરીત પેમેન્ટ કરવાની સુવિધા આપે છે, જે આંખના પલકારામાં એક બેંક એકાઉન્ટથી બીજા બેંક એકાઉન્ટમાં કરવામાં આવે છે. આ મહિને ફ્રાન્સમાં યુપીઆઈની સેવાઓ શરૂ કરવામાં આવી હતી.

હવે જે દેશોમાં ટુંક સમયમાં યુપીઆઈ સેવા શરૂ થશે. તેમજ થાઈલેન્ડ, સાઉદી અરબ, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, બહેરીન, જાપાન અને ફિલીપાઈન્સમાં યુપીઆઈની ટુંક સમયમાં શરૂઆત થશે.

ઉલ્લેખનીય છે કે યુપીઆઈના વૈશ્વિક હોવાના સફરમાં એક મોટો પડાવ આંતરરાષ્ટ્રીય નંબરોથી એકસેસ થવું પણ છે. એક રિપોર્ટ મુજબ લગભગ એક ડઝન દેશોમાં આંતરરાષ્ટ્રીય નંબરોથી યુપીઆઈને એકસેસ અને ઉપયોગ કરી શકાય છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં ૩૦ કરોડ યુપીઆઈના યુઝર્સ છે..

## સુરતના હીરા ઉદ્યોગ માટે વધુ એક માઠા સમાચાર આવ્યા

### G-૭ દેશો દ્વારા રશિયાની રફ ડાયમંડની માઈનિંગ કંપનીઓ પર પ્રતિબંધ મુકવામાં આવશે જેની સીધી અસર સુરતના હીરા ઉદ્યોગ પર પડશે

સુરત, તા.૧૪

મંદીમાંથી પસાર થઈ રહેલા સુરતના હીરા ઉદ્યોગ માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. આગામી ૧ માર્ચથી અમેરિકા સહિત G-૭ દેશો દ્વારા રશિયાની રફ ડાયમંડની માઈનિંગ કંપનીઓ પર પ્રતિબંધ મુકવામાં આવશે જેની સીધી અસર સુરતના હીરા ઉદ્યોગ પર પડશે.

ઓફિસ ઓફ ફોરેન એસેટ કંટ્રોલ એટલે કે ઓફેક દ્વારા આ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જે અંતર્ગત ૧ કેરેટ કે તેથી વધુ વજન ધરાવતા પોલિશ્ડ હીરા પર પ્રતિબંધ લાગુ થશે. સુરતમાં આયાત થતા કુલ રફ ડાયમંડ પૈકી ૩૦ થી ૩૫ ટકા રફ રશિયાથી આયાત કરવામાં આવે છે. જો કે રશિયાથી આયાત થતા મોટા ભાગના હીરા પાતળી સાઈઝના હોય છે પરંતુ જો અડધા કેરેટથી નાની સાઈઝના હીરા પર પ્રતિબંધ મુકવામાં આવશે તો સુરતના હીરા ઉદ્યોગને પડ્યા પર પાટું લાગશે.

## અમિત શાહના કાર્યક્રમમાં ફેરફાર, દિલ્હી જવા થયા રવાના

અમદાવાદ, તા.૧૪

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આજે તેમના મત વિસ્તારમાં લોકાર્પણ અને ખાત મુહૂર્તના કાર્યક્રમ કરવાના હતા, જો કે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અનિવાર્ય સંજોગોના કારણે અમિત શાહને દિલ્હી પહોંચવુ પડે તેમ હતુ, જેના કારણે તેઓ કાર્યક્રમમાં ફેરફાર કરીને દિલ્હી જવાના રવાના થયા હતા.કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આજે તેમના મત વિસ્તારમાં લોકાર્પણ અને ખાત મુહૂર્તના કાર્યક્રમ કરવાના હતા, જો કે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અનિવાર્ય સંજોગોના કારણે અમિત શાહને દિલ્હી પહોંચવુ પડે તેમ હતુ, જેના કારણે તેઓ કાર્યક્રમમાં ફેરફાર કરીને દિલ્હી જવા રવાના થયા હતા.અમિત શાહે વહેલી સવારે જે બેઠક હતી તેમાં હાજરી આપ્યા બાદ તેઓ દિલ્હી જવા રવાના થયા હતા. અમિત શાહના કાર્યક્રમમાં ફેરફાર બાદ હવે મુખ્યમંત્રીના હસ્તે ગાંધીનગર લોકસભામાં વિવિધ કાર્યક્રમોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યુ છે. હવે અમિત શાહના બદલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઔડા દ્વારા નવનિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ, ખરીદ વેચાણ સંઘના ગોડાઉનનું ખાતમુહૂર્ત અને મોડાસર અને ઝોલાપુર તળાવનું લોકાર્પણ થશે.ગઈકાલે એટલે કે સોમવારે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે આજે ગુજરાત મુલાકાત દરમિયાન વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતુ. ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના અંતર્ગત અમદાવાદમાં EWS ૫૮૮ આવાસોનું લોકાર્પણ કર્યું ઉપરાંત AMCના વિવિધ ૭ પ્રોજેક્ટનું લોકાર્પણ-ખાતમૂર્હુત કરવામાં આવ્યું.ઉપરાંત વાડજમાં AMCની નવનર્મિત શાળાનું લોકાર્પણ કરી અમિત શાહે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. નવી શાળાઓની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતુ. તો વાડજમાં સ્વ. પ્રકાશચંદ્ર પાઠક માર્ગ નામકરણ કાર્યક્રમમાં અમિત શાહ ઉપસ્થિત રહ્યા અને માર્ગના નામની તકતીનું અનાવરણ કર્યું હતુ.

## ભરૂચ - અંકલેશ્વરને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર રોડનું સમારકામ

### દેશમાં આધુનિક અને વિકસિત ટેક્નોલોજીથી બનતા માર્ગના અહેવાલો વચ્ચે આ દરહસ્યો હાંસી કરતા જોખમ તરફ વધુ ઈશારો કરી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભરૂચ, તા.૧૪

જુના નેશનલ હાઈવે પર ભરૂચ – અંકલેશ્વરને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર રોડનું સમારકામ કરવામાં આવ્યું હતું. ઉબડખાબડ માર્ગને સમતલ બનાવવાની કામગીરી વિશે સાંભળી લોકોએ કામગીરી બિરદાવી હતી પણ જયારે વાહનચાલક આ ચાલતી કામગીરી પાસે પહોંચ્યા તો ચોકી ઉઠ્યા હતા.

આશ્ચર્ય વચ્ચે રોડના સમારકામ સાથે જોડાયેલા કર્મચારીઓ મોબાઈલની ટોર્ચના અજવાળે રોડનું લાઈન લેવલ અને સમતલ બનાવવાની કામગીરી કરી રહ્યા હતા. આટલું ઓછું હોય તેમ સમારકામ દરમિયાન વ્યસ્ત માર્ગ પર અકસ્માત ન સર્જાય તે માટે વાહનચાલકોને કામગીરીના સ્થળથી દૂર રાખનાર કામદારો પાર મોબાઈલ ટોર્ચ સાથે હાથ હલાવી ટ્રાફિક મેનેજમેન્ટ કરતા નજરે પડ્યા હતા. દેશમાં આધુનિક અને વિકસિત ટેકનોલોજીથી બનતા માર્ગના અહેવાલો વચ્ચે આ દરહસ્યો હાંસી કરતા જોખમ તરફ વધુ ઈશારો કરી રહ્યા હતા.

## રાજ્યના NFSA ધારકોને પણ PMJAY હેઠળ કાર્ડ આપવાનો નિર્ણય

### PMJAY અંતર્ગત આણંદમાં છેલ્લા બે વર્ષમાં ૬.૫૮ લાખ અપાયાઃ મંત્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગર, તા.૧૪

છેવાડાના માનવીને ઝડપી અને વિનામૂલ્યે સારવાર મળી રહે તેવા ઉમદા હેતુથી તત્કાલીક મુખ્યમંત્રી અને વડાપ્રધાન મોદીએ દેશમાં સૌપ્રથમ વર્ષ ૨૦૧૩માં ગુજરાતમાં મા કાર્ડ યોજનાનો અમલ શરૂ કર્યો હતો. આ યોજના અત્યારે દેશ માટે રોલ મોડલ બની છે જેને સમગ્ર દેશ અપનાવી રહ્યું છે. ગુજરાતમાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ૬.૫૮ લાખ,અરવલ્લી જિલ્લામાં ૨.૧૨ લાખ તેમજ સાબરકાંઠામાં ૨.૭૨ લાખ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- PMJAY કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે તેમ, આજે વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી કાળમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નોનો ઉત્તર આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

મંત્રીએ પેટા પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે, PMJAY યોજના હેઠળ આણંદમાં છેલ્લા એક વર્ષમાં રૂ. ૬૮.૨૫ કરોડના ખર્ચે ૩૭,૮૪૦ લાભાર્થીઓના દાવા મંજૂર કરવામાં આવ્યા છે. આ જ રીતે અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૩,૨૭૦ લાભાર્થીઓને રૂ.૩૦.૦૨ કરોડ જયારે સાબરકાંઠા જિલ્લામાં ૫૩,૧૯૦ લાભાર્થીઓને રૂ.૧૧૬.૧૮ કરોડ ચૂકવવામાં આવ્યા છે.

આણંદ જિલ્લામાં કુલ ૪૫ માંથી ૨૭ સરકારી ૧૮ ખાનગી હોસ્પિટલ, અરવલ્લીમાં ૫૯માંથી ૪૪ સરકારી અને ૧૫ ખાનગી જ્યારે સાબરકાંઠામાં ૯૧ માંથી ૬૨ સરકારી અને ૨૯ ખાનગી હોસ્પિટલમાં PMJAY હેઠળ રૂ.૧૦ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું કે, આ યોજના હેઠળ તમામને સમાવી લેવાના લક્ષ્યાંક સાથે આગામી સમયમાં રાજ્યના NFSA કાર્ડ ધારકોને પણ PMJAY કાર્ડ આપવાનો મહત્વનો નિર્ણય પણ સરકારે કર્યો છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નશાકારક આયુર્વેદિક સીરપના વેચાણ સામે પોલીસની સઘન કાર્યવાહી



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

છેલ્લા ઘણા સમયથી ગુજરાત જેવા શરૂઆતથી નશાબંધીની નીતિને વરેલા રાજયમાં અમુક લેભાગુ તત્વો દ્વારા સેલ્ફ જનરેટેડ આલ્કોહોલ યુકત આયુર્વેદિક દવાની આડમાં કથિત આયુર્વેદિક દવા (નશીલા પીણાં) કહી શકાય તે પ્રકારની પ્રોડકટોનું ઉત્પાદન કરી ફકત અને ફકત ગુજરાત રાજયને ટાર્ગેટ કરી, ખૂલ્લેઆમ નાના મોટા શહેરો ગામડાઓમાં પાન-બીડીના ગલ્લા તેમજ હોટલો ઉપર તેનું વેચાણ કરી, મહતમ આર્થિક લાભ મેળવીને પોતાની ગુનાહિત પ્રવૃતિ આચરી સમાજના લોકોની તંદુરસ્તીને હાની પહોંચે તે પ્રકારનું કૃત્ય આચરી રહેલ હતા. આ બાબતે રાજ્ય સરકાર તરફથી મળેલ સુચનાઓ આધારે રાજકોટ રેન્જ આઈ.જી.ના સીધા માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

જેના પ્રયત્નના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહતમ પ્રમાણમાં આ પ્રકારના કેસો શોધી કાઢી ચાંગોદર તથા પંજાબ ખાતે આ પ્રકારના આયુર્વેદિક દવાનાં નામે ડુપ્લીકેટ આયુર્વેદિક દવા (નશીલા પીણાં)નું ઉત્પાદન કરતા હોવાનું જણાય આવતા આ બંને ફેક્ટરી ઉપર દરોડા પાડી, ફેક્ટરી સીલ કરીને જે-તે આસામીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાવવામાં આવી હતી.

આ જ પ્રકારની ઝુંબેશ અવિરત રીતે કાર્યરત હતી, તે દરમ્યાન સેલવાસ ખાતેની એક કંપની સેલ્ફ જનરેટેડ આલ્કોહોલ યુકત આયુર્વેદિક દવાની આડમાં કથિત આયુર્વેદિક દવા (આયુર્વેદિક બિયર) બનાવતા હોવાનું જણાય આવતા આ કંપનીના સંચાલકો વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી કરી, તે ફેક્ટરી ઉપર પણ રેડ કરીને કાર્યવાહી કરાઈ હતી. આ કંપનીમાં વાર્ષિક એક કરોડ જેટલી બોટલોનું ઉત્પાદન થઈ રહ્યું હતું. જે તમામ જથ્થો ફક્ત ગુજરાત રાજયમાં સપ્લાય કરવામાં આવતો હતો.

આ દરમ્યાન રાજસ્થાન તથા મધ્યપ્રદેશ રાજયમાં આવેલી એક-એક ફેક્ટરી કે જે પણ વાર્ષિક આશરે આઠ લાખ જેટલી આ પ્રકારની બોટલોનું ઉત્પાદન કરી, ફક્ત ગુજરાત રાજયમાં નશાના ઈરાદાથી સપ્લાય કરતી હતી, તેની પણ તપાસની કાર્યવાહીના ભાગરૂપે તપાસ કરતા તેઓની પ્રોડક્ટ પણ ખોટી રીતેની પ્રોસેસથી નિયત ધારાધોરણ મુજબ બનતી નહીં હોવાનું જણાય આવતા તેઓએ પોતાની સ્વૈચ્છાએ આ પ્રકારની પ્રોડક્ટો/ફેક્ટરી બંધ કરી દીધી છે.

આયુર્વેદિક દવાની આડમાં અમુક અસામાજિક તત્વો દ્વારા આ પ્રકારની કથિત આયુર્વેદિક દવા (આયુર્વેદિક નશીલા બિયર) જેવા પીણાંનું મહતમ પ્રમાણમાં ઉત્પાદન કરી, ગુજરાત રાજ્યને ટાર્ગેટ કરી, તેનું ખૂલ્લેઆમ પાન-બીડીના ગલ્લા તથા હોટલો ઉપર વિતરણ કરતા હતા. તેવી રાજયમાં તથા રાજ્યની બહાર કુલ પાંચ જેટલી ફેક્ટરીઓની પ્રોડક્ટોના વેચાણ વેપારને અંકુશ હેઠળ લઈને દેવભૂમિ દ્વારકા પોલીસે મહદઅંશે સફળતા મેળવી છે. જેનાથી સમાજ માટે સરાહનીય કામગીરી કરવાની સિધ્ધિ હાંસલ કરી, આ કામગીરી સમગ્ર રાજયમાં મોખરે બની રહી છે.

# છેલ્લા ચાર વર્ષમાં ૨૨,૩૦૦ ગુજરાતીઓએ પાસપોર્ટ સરેન્ડર કર્યા

## ભારતીય નાગરિકત્વ છોડી દેનારા અમદાવાદીઓની સંખ્યા છેલ્લા ત્રણ વર્ષમાં બમણી થઈ ગઈ છે




અમદાવાદ તા.૧૪

વિદેશી નાગરિકતા મેળવવા સાથે વિદેશમાં સ્થાયી થયેલા અમદાવાસીઓ દ્વારા ભારતીય પાસપોર્ટ સરેન્ડર કરવાની સંખ્યા છેલ્લા ત્રણ વર્ષમાં બમણી થઈ ગઈ છે. અમદાવાદ પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસ (ARPO)ના સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક વર્ષોમાં યુરોપિયન દેશો, યુએસ અને કેનેડામાં સ્થાયી થવા માટે ગુજરાતીઓનો ભારે ધસારો જોવા મળ્યો છે. ઘણા આમદાવાદીઓ વર્ક પરમિટ અને સ્ટુડન્ટ વિઝા ઉપર વિદેશ જવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરે છે. તેમાંથી ઘણાને અમુક સમય પછી વિદેશી નાગરિકતા મળે છે. વિદેશમાં સ્થાયી થવા માંગતા લગભગ ૫૮ ટકા લોકો યુએસ અને કેનેડાની નાગરિકતા મેળવે છે. નિયમો મુજબ, જ્યારે પણ કોઈ ભારતીયને વિદેશની નાગરિકતા મળે છે, ત્યારે તેણે ભારતીય વાણિજ્ય દૂતાવાસ અથવા પાસપોર્ટ ઓફિસમાં 'પાસપોર્ટ એક્ટ-૧૯૬૭' મુજબ ભારતીય પાસપોર્ટ સરેન્ડર કરવાનો હોય છે. અમદાવાદના પ્રાદેશિક પાસપોર્ટ અધિકારી અભિજિત શુક્લાના જણાવ્યા અનુસાર, ૨૦૨૧માં અમદાવાદના ૨૧૭ નાગરિકોએ વિદેશી નાગરિકતા મેળવ્યા બાદ તેમના પાસપોર્ટ સરેન્ડર કર્યા હતા. ૨૦૨૨ માં આ સંખ્યા વધીને ૨૪૧ અને ૨૦૨૩માં ૪૮૫ થઈ ગઈ છે. વિદેશી નાગરિકતા મેળવવા ઉપરાંત, એવા લોકો જેઓનો કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોય તેવા કિસ્સામાં પાસપોર્ટ સરેન્ડર કરે છે, જો કે આવા કિસ્સાઓ અત્યંત દુર્લભ હોય છે. જે નાગરિક ભારતીય નાગરિકત્વનો ત્યાગ કરે છે, તેણે પોતાનો પાસપોર્ટ સરેન્ડર કરીને સરન્ડર સર્ટિફિકેટ મેળવવું પડે છે. ઉપલબ્ધ ડેટા મુજબ, છેલ્લાં કેટલાંક વર્ષોમાં દિલ્હી આ યાદીમાં ટોચ ઉપર છે, ત્યારબાદ પંજાબ છે. વિદેશી નાગરિકતા મેળવ્યા બાદ પાસપોર્ટ સરેન્ડર કરવામાં ગુજરાત ત્રીજા ક્રમે છે. છેલ્લા ચાર વર્ષમાં દિલ્હીના ૬૦૪૧૪, પંજાબના ૨૮૧૧૭ અને ગુજરાતમાંથી ૨૨૩૦૦ નાગરિકોએ વિદેશી નાગરિકતા મેળવ્યા બાદ તેમના પાસપોર્ટ સરેન્ડર કર્યા છે. પાસપોર્ટ અધિનિયમ ૧૯૬૭ની કલમ ૧૨ A હેઠળ પાસપોર્ટ સરેન્ડર કરવામાં નિષ્ફળતા એ ગુનો બને છે.

# કોન્સ્ટેબલની ભરતી માટે પરીક્ષા ગુજરાતી સહિત ૧૩ પ્રાદેશિક ભાષામાં લેવામાં આવશે

અમદાવાદ તા. ૧૪

આ પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીથી ૭ માર્ચ ૨૦૨૪ દરમ્યાન દેશના ૧૨૮ શહેરોમાં લગભગ ૪૮ લાખ ઉમેદવારો માટે લેવામાં આવશે. આ ઐતિહાસિક નિર્ણયથી, દેશભરના લાખો યુવાનો તેમની માતૃભાષા/પ્રાદેશિક ભાષામાં આ પરીક્ષા આપી શકશે. ૨૦ ફેબ્રુઆરીથી ૭ માર્ચ, ૨૦૨૪ દરમ્યાન દેશના ૧૨૮ શહેરોમાં લગભગ ૪૮ લાખ ઉમેદવારો આ પરીક્ષા આપશે. ગાંધીનગર, ૧૧ ફેબ્રુઆરીએ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સીસ (CAPFs)માં કોન્સ્ટેબલની ભરતી માટે પ્રથમ વખત કોન્સ્ટેબલ (GD) પરીક્ષા હિન્દી અને અંગ્રેજી ઉપરાંત ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં લેવામાં આવશે. આ પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીથી ૭ માર્ચ, ૨૦૨૪ દરમ્યાન દેશના ૧૨૮ શહેરોમાં લગભગ ૪૮ લાખ ઉમેદવારો માટે લેવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે (MHA) CAPFમાં ભરતી માટે કોન્સ્ટેબલ (જનરલ ડ્યુટી) પરીક્ષા ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં લેવાનું નક્કી કર્યું હતું. ૦૧ જાન્યુઆરી, ૨૦૨૪ થી હિન્દી અને અંગ્રેજી ઉપરાંત. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં સ્થાનિક યુવાનોની ભાગીદારી વધારવા અને પ્રાદેશિક ભાષાઓને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી અમિત શાહની પહેલ પર આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. (ગૃહમંત્રી અમિત શાહની અનોખી પહેલ, CAPFની પરીક્ષા ગુજરાતી સહિત ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં આપી શકાશે) કોન્સ્ટેબલ (જનરલ ડ્યુટી) પરીક્ષાના પ્રશ્નપત્રો હવે હિન્દી અને અંગ્રેજી ઉપરાંત નીચેની ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવામાં આવશે.

૧. આસામી ૨. બંગાળી ૩. ગુજરાતી ૪. મરાઠી ૫. મલયાલમ ૬. કન્નડ ૭. તમિલ ૮. તેલુગુ ૯. ઓડિયા ૧૦. ઉર્દુ ૧૧. પંજાબી ૧૨. મણિપુરી ૧૩. કોંકણી કોન્સ્ટેબલ જીડી પરીક્ષા એસ્ટાફ સિલેક્શન કમિશન (એસએસસી) દ્વારા લેવામાં આવતી ફ્લેગશિપ પરીક્ષાઓમાંની એક છે, જે દેશભરમાંથી લાખો યુવાનોને આકર્ષિત કરે છે. તેથી, ગૃહ મંત્રાલય અને સ્ટાફ સિલેક્શન કમિશને હિન્દી અને અંગ્રેજી ઉપરાંત ઉપરોક્ત ઉલ્લેખિત ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં પરીક્ષાનું સંચાલન કરવાની સુવિધા માટે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. તદનુસાર, SSCએ કોન્સ્ટેબલ (GD) પરીક્ષા, ૨૦૨૪ અંગ્રેજી અને હિન્દી ઉપરાંત ૧૩ અન્ય પ્રાદેશિક ભાષાઓમાં યોજવા માટે સૂચના જારી કરી છે. આ નિર્ણયના પરિણામે લાખો યુવાનો તેમની માતૃભાષા/પ્રાદેશિક ભાષામાં પરીક્ષામાં ભાગ લેશે અને તેમની પસંદગીની સંભાવનામાં સુધારો કરશે. પરિણામે, આ પરીક્ષાની પહોંચ સમગ્ર દેશમાં ઉમેદવારોમાં વધશે અને દરેકને રોજગારની સમાન તક મળશે. કેન્દ્ર સરકારની આ પહેલથી, દેશભરના યુવાનોને તેમની માતૃભાષામાં સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા લેવામાં આવતી કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં કોન્સ્ટેબલ (જનરલ ડ્યુટી) પરીક્ષામાં ભાગ લેવાની અને કારકિર્દી બનાવવાની સુવર્ણ તક મળી છે.

# નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારત ૭ ટકાના દરે વિકાસ કરશે : આરબીઆઈ

નવી દિલ્હી તા.૧૪

ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતની અર્થવ્યવસ્થા સાત ટકાના વિકાસ દરે વધવાનો અંદાજ મુક્યો છે. અગાઉ વર્તમાન નાણાંકીય વર્ષમાં ૭.૩ ટકાનો અંદાજ મુકાયો હતો. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે દર બે મહિને યોજાતી મોનેટરી પોલિસીની બેઠકમાં કહ્યું કે, ગ્રામીણ માંગમાં તેજી યથાવત્ છે, જ્યારે શહેરી વપરાશમાં મજબૂત પ્રદર્શન જોવા મળી રહ્યું છે અને મૂડી ખર્ચ વધતા રોકાણ ચક્રમાં ગતિ પકડી રહ્યું છે. તેમણે કહ્યું કે ગ્રાહકોની વધતી જતી માંગ અને ખાનગી રોકાણમાં સુધારાને પગલે આ વિકાસ દર પ્રાપ્ત કરવામાં સફળતા મળી શકે છે. તેમણે કહ્યું કે, ખાનગી રોકાણમાં વધારો થવાનો સંકેત જોવા મળી રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે GDPમાં સાત ટકા ઉપર પહોંચવાનો અંદાજ છે. દેશનો વિકાસ દર જૂન ક્વાર્ટરમાં ૭.૨ ટકા અને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે. દાસે કહ્યું કે, સ્થાનિક આર્થિક ગતિવિધિઓમાં મજબૂત સ્થિતિ જોવા મળી રહી છે. રાષ્ટ્રીય આંકડાકીય કચેરી (NSO)ના અંદાજ મુજબ, વર્તમાન નાણાંકીય વર્ષમાં વૃદ્ધિ દર ૭.૩ ટકા છે. ગત નાણાંકીય વર્ષની જેમ વર્તમાન નાણાંકીય વર્ષમાં પણ ગતિ યથાવત્ રહેવાની આશા છે. ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર ૬૨૨.૫ અબજ ડોલર ઉપર પહોંચી ગયો છે, જે તમામ વિદેશી પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવામાં પર્યાપ્ત છે. આ અગાઉ




આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં લેવાયેલ નિર્ણય અંગે માહિતી આપી છે. સમિતિ દ્વારા પોલિસી રેટ સ્થિર રાખવામાં આવ્યા છે. પહેલાથી એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે રેપો રેટ (Repo Rate)ને સતત છઠ્ઠી વખત ૬.૫ ઉપર સ્થિર રાખવામાં આવ્યા છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે ફુગાવામાં ઘટાડો થઈ રહ્યો છે જે સારા સંકેત છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ છેલ્લે ૨૦૨૩ની ૮ ફેબ્રુઆરીએ રેપો રેટ વધાર્યો હતો. ત્યારબાદ આરબીઆઈએ તેમાં ૨૫ બેસિસ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકાનો વધારો કરીને ૬.૫ ટકા કર્યો હતો. ત્યારથી આ દરો સતત છ એમપીસી બેઠકોમાં યથાવત રાખવામાં આવ્યા છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે દેશનું વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. વચગાળાના બજેટ બાદ RBI MPCની આ પ્રથમ બેઠક છે.

# રાજ્યમાં ચાર હજારથી વધુ ગ્રાહકોની વિવિધ ફરિયાદોનો કરાયો નિકાલ

ગાંધીનગર, તા.૧૪

રાજ્ય સરકારે ગ્રાહકોની સુરક્ષા તથા તેમના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે અનેકવિધ પગલાં ભર્યા છે. આ પગલા હેઠળ રાજ્યમાં ૪ હજારથી વધુ ગ્રાહકોની વિવિધ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર માર્ચ-૨૦૨૪ સુધી ગ્રાહક જાગૃતિ અને સુરક્ષા એકમ (CAPU) તથા તેની અંદર સમાવિષ્ટ કન્ઝ્યુમર હેલ્પલાઈન નંબર શરૂ કરવા જઈ રહી છે, જે થકી રાજ્યભરના ગ્રાહકોની ફરિયાદોનો ઉકેલ લાવવામાં આવશે. મળતી માહિતી મુજબ, રાજ્યની ગ્રાહક સુરક્ષા નિયામક કચેરી ગ્રાહકોના અધિકારોની સુરક્ષા તેમજ જાગૃતિ માટે વિવિધ સહાયકારી કામગીરી કરી રહી છે. આ કામગીરી હેઠળ ગ્રાહક સુરક્ષા નિયામકની કચેરી દ્વારા અત્યારસુધી ૧૧૨ જેટલી ગ્રાહક ફરિયાદોનું ઓફલાઈન નિરાકરણ કરવામાં આવ્યું છે, તેમજ ઈ-ગ્રામ પોર્ટલના માધ્યમથી આવેલ ૫૬૮ જેટલી ગ્રાહકોની ફરિયાદોનું નિરાકરણ લાવવામાં આવ્યું છે. ગ્રાહક જાગૃતિ માટે સ્કૂલ- કોલેજોમાં ગ્રાહક ક્લબની સ્થાપના પણ કરવામાં આવી છે, જેમાં સંકલન એજન્સી તરીકે માન્ય ગ્રાહક મંડળ કામગીરી કરી રહ્યું છે. અત્યાર સુધી કુલ ૨૦૦૦ શાળા કન્ઝ્યુમર્સ ક્લબ તથા ૫૦૦ કોલેજ કન્ઝ્યુમર્સ ક્લબની રચના કરવામાં આવી છે. તેના માટે ક્લબ દીઠ રૂા.૧૦૦૦ની નાણા-સહાય સંકલન એજન્સી તરીકે નિમણૂંક કરેલ માન્ય




મંડળને તેમજ રૂા.૪૦૦૦ની સહાય સંબંધિત શાળા/કોલેજને ફાળવવામાં આવી છે. દર વર્ષે ૨૦૦૦ ક્લબ માટે દરેક જિલ્લામાં શાળા-કોલેજ તેમજ મંડળોને આધારે રૂા.૧૨૫ લાખ ફાળવવામાં આવે છે. રાજ્યમાં ગ્રાહકોના માર્ગદર્શન તથા તેમની ફરિયાદોના નિકાલમાં મદદરૂપ થવા માટે ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, અમદાવાદ ખાતે ટોલ-ફ્રી સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પલાઈન કાર્યાન્વિત છે, આ હેલ્પલાઈન વડે અલગ-અલગ ક્ષેત્રોને લગતી અંદાજે ૪,૫૮૯ જેટલી ગ્રાહક સુરક્ષાની ફરિયાદો અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું છે. સરકાર માન્ય ગ્રાહક સુરક્ષા મંડળો દ્વારા અત્યારસુધીમાં ગ્રાહક અધિકારોની જાગૃતિ માટે ૨૧૮ શિબિર, ૩૩૮ સેમિનાર, ૯૧૨ માહિતી સેન્ટર અને ૩૩૫ ગ્રામ શેરીસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાને આડે હવે એક જ મહિનો બાકી, ફટાફટ સફળતા માટે પેપર સોલ્વીંગ અને મોક ટેસ્ટ એક માત્ર સફળતાની ગુરૂચાવી

**પરીક્ષાના આગલા દિવસોમાં ઓછામાં ઓછા ત્રણ પેપર્સ સોલ્વ કરવા જોઇએ. એક પરીક્ષાનો સમય ત્રણ કલાક હોય છે. આથી પરીક્ષાના આગલા દિવસોમાં તમારો ઓછામાં ઓછો બાર કલાકનો સમય અભ્યાસ પાછળ આપવો જોઇએ. એક પેપર પૂર્ણ થયા બાદ એક કલાકનો બ્રેક ગણીએ તો ત્રણ પેપરના ત્રણ કલાક અને ત્રણ કલાકનો રેસ્ટ એમ થઇને બાર કલાકની મહેનત થાય છે. આ મહેનત સરળતાથી કરી શકાય છે. તમને બ્રેક પણ મળે છે અને ત્રણ કલાક જેટલો વ્યાજબી સમય પણ પેપર આપવા માટે મળે છે. એક વિદ્યાર્થી દિવસમાં ત્રણથી વધારે પેપર સોલ્વ કરી શકતો નથી. કારણ કે, પેપરમાં આવડે તેટલું લખવાનું હોય છે અને ના આવડે તે શીખવાનું હોય છે. આથી પેપર લખવાના સમય ઉપરાંત તમારે જે ના આવડતું હોય તે બાબતે શીખવા માટે પણ સમય જોઇશે**



મિત્રો જીવનની સૌથી મહત્ત્વની ઘડી એટલે કે ધોરણ-૧૦ અને ધોરણ૧૨ની પરીક્ષાઓની તારીખોનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયું છે અને સૌ કોઈ તૈયારીઓમાં વ્યસ્ત થઇ ગયા હશો ત્યારે આજે આ પરીક્ષામાં ધારી સફળતા મેળવવા માટે શું કરવું તે બાબતે માહિતી આપીશું. અગાઉ આપણે આ વિષય ઉપર બે મહિના પહેલા લેખ લખ્યો હતો તે ઉપરાંત હવે આ લેખ લખવાનું પ્રયોજન એ છે કે હવે જે વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં ફટાફટ સફળતા મેળવવી છે તેમના માટે એક જ વિકલ્પ છે કે પેપર સોલ્વ કરવા અને મોક ટેસ્ટ કરવી. તેના કારણે જો તમારે આખું વર્ષ યોગ્ય તૈયારી ના કરી હોય તો પરીક્ષામાં કેવા પ્રશ્નો આવશે, તેની પેટર્ન કેવી છે, તમે ક્યાં ઊભા છો, ક્યાં વધુ તૈયારીની જરૂર છે, ક્યાં જમા પાસુ છે અને ક્યાં નબળું પાસુ છે તે તમામ બાબતોનો તમને ખ્યાલ આવી જશે અને તમને પાસ થવાની ગેરંટી મળી જશે. તો ચાલો આજે આપણે ફટાફટ સફળતા માટે પેપર સોલ્વીંગ કેટલું મહત્ત્વનું છે તેની માહિતી આપીશું.

**● પેપર સોલ્વીંગથી શું ફાયદા થશે**

જો સફળતાની ગુરૂચાવીના વાત કરીએ તો ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાના પાછલા દસ વર્ષના પેપર્સ સોલ્વ કરવા જોઈએ. જે લોકોને છેલ્લી ઘડીએ તૈયારી કરવાની આદત હોય તેમને તો ખાસ આમ કરવું જોઈએ. તેના કારણે તમને કોમન પ્રશ્નોનો અંદાજ આવી જશે અને કેવા પ્રશ્નો પૂછાય છે તેની આગોતરો અંદાજ આવી જાય છે. આથી તે બાબતની તૈયારી કરી શકાય છે. વળી જેટલી પેપર સોલ્વ કરવાની પ્રેક્ટીસ કરશો તેટલી મઝા આવશે. તમારે લગભગ દરેક વિષયની પ્રેક્ટીસ થઈ જશે અને અપેક્ષિત પ્રશ્નો કયા કયા આવશે તેનો અંદાજ પણ આવી જશે. દરેક વિષયનું રિવિઝન પણ થઈ જશે. આ બાબતમાં શિક્ષણશાસ્ત્રીઓ અને પાછલી પરીક્ષાઓના ટોપર્સ એવો મત ધરાવે છે કે, વિદ્યાર્થીઓએ મિત્રો સાથે બેસીને ગ્રૂપમાં પેપર સોલ્વ કરવાં જોઈએ. આ દરમ્યાન ૫૦ ટકાની ક્ષમતાવાળા વિદ્યાર્થીઓએ તેમનાથી ઓછી ક્ષમતા ધરાવતા એટલે કે ૩૫થી ૪૫ ટકાની ક્ષમતાવાળા વિદ્યાર્થીઓ સાથે મળીને પેપર સોલ્વ કરવાં જોઈએ, નહીં કે ૮૦-૯૦ ટકાની ક્ષમતાવાળા વિદ્યાર્થીઓ સાથે. આની પાછળનો તર્ક એવો છે કે, વિદ્યાર્થીઓ પોતાનાથી હોશિયાર બાળકો સાથે બેસીને પોતાનાં પેપર સોલ્વ કરે તો તેમનામાં લઘુતાગ્રંથિ આવી જવાની શક્યતા રહે છે. સામે પક્ષે ૮૦-૯૦ ટકા લાવનાર વિદ્યાર્થીઓ ઓવર કોન્ફિડન્સમાં આવી જાય છે. એ લોકો પેપર વધુ હોશિયાર વિદ્યાર્થીઓ પાસે બેસીને પોતાનાં પેપર સોલ્વ કરે તો ઓછા માર્ક લાવનાર વિદ્યાર્થીઓને લઘુતાગ્રંથિ ના આવે, અને ૮૦થી ૯૦% માર્ક્સ લાવનાર વિદ્યાર્થીઓને અતિઆત્મવિશ્વાસ ન આવે એટલે વિદ્યાર્થીઓએ એ પ્રકારેપોતાનાં ગ્રૂપ બનાવી લખવાની પ્રૅક્ટિસ કરવી, જેથી એમની ઝડપ વધે અને ઈન્ટરનલ કોમ્પિટિશન થાય જેથી એમના માર્ક સારા આવે. જો કે બીજો મત એવો પણ છે કે, પોતાનાથી હોંશિયાર વિદ્યાર્થીઓ સાથે બેસીને પેપર સોલ્વ કરવાથી મુશ્કેલી સોલ્વ કરવામાં સરળતા રહે છે અને હોંશિયાર વિદ્યાર્થીને તુરંત જ પ્રશ્નો પૂછી શકાય છે. બીજી બાજુ હોંશિયાર વિદ્યાર્થીઓને ફાયદો એ છે કે તેમને પોતાનું પણ રિવિઝન થઈ જાય અને તેમને પોતાને પણ કેટલું આવડે છે તે ખબર પડી જાય છે. બીજી બાજુ વિદ્યાર્થીઓએ સતત લખવાની પ્રેક્ટિસ રાખવી જોઈએ. પ્રેક્ટિસ કરવાથી આંતરિક સ્પર્ધાને કારણે માર્ક્સ વધે છે તથા તેમની ઝડપ પણ વધે છે. જે વિદ્યાર્થીઓને પ્રશ્નો હોય તે એક સાથે નક્કી કરીને શિક્ષકો સાથે મળીને તેને સોલ્વ કરી લેવા જોઈએ. બાળકો પેપર સોલ્વ કરતાં હોય ત્યારે માતા-પિતાએ તેમને મદદ કરવી જોઈએ, જેથી કરીને તેમનો કોન્ફિડન્સ વધે. પ્રશ્નપત્ર હાથમાં આવે એટલે પહેલાં વાંચી જવું જોઈએ અને જે પ્રશ્નોના જવાબ સારી રીતે આવડતા હોય, તેને સૌ પહેલાં લખી જવા જોઈએ. આમ કરવાથી કોન્ફિડન્સ વધે છે.

**● રોજ કેટલા પેપર સોલ્વ કરવા જોઇએ ?**

રોજ કેટલા પેપર સોલ્વ કરવા જોઈએ તેનો આધાર તો તમારીના ઉપર આધારીત છે. પરંતુ ઓછામાં ઓછા ત્રણ પેપર્સ સોલ્વ કરવા જોઈએ. એક પરીક્ષાનો સમય ત્રણ કલાક હોય છે. આથી પરીક્ષાના આગલા દિવસોમાં તમારો ઓછામાં ઓછો બાર કલાકનો સમય અભ્યાસ પાછળ આપવો જોઈએ. એક પેપર પૂર્ણ થયા બાદ એક કલાકનો બ્રેક ગણીએ તો ત્રણ પેપરના ત્રણ કલાક અને ત્રણ કલાકનો રેસ્ટ એમ થઈને બાર કલાકની મહેનત થાય છે. આ મહેનત સરળતાથી કરી શકાય છે. તમને બ્રેક પણ મળે છે અને ત્રણ કલાક જેટલો વ્યાજબી સમય પણ પેપર આપવા માટે મળે છે. આથી ઓછામાં ઓછા ત્રણ કલાકનો સમય તો મળે જ છે એક પેપર સોલ્વ કરવા માટે. જો તમારી વધારે ધગશ હોય અને મહેનત કરવાની તૈયારી હોય તો ચાર પેપર્સ પણ સોલ્વ કરી શકો છો. પરંતુ મારા અનુભવ મુજબ એક વિદ્યાર્થી દિવસમાં ત્રણથી વધારે પેપર સોલ્વ કરી શકતો નથી. કારણ કે, પેપરમાં આવડે તેટલું લખવાનું હોય છે અને ના આવડે તે શીખવાનું હોય છે. આથી પેપર લખવાના સમય ઉપરાંત તમારે જે ના આવડતું હોય તે બાબતે શીખવા માટે પણ સમય જોઈશે. આથી મારી દૃષ્ટિએ ત્રણ પેપર અને જો તેની પણ ક્ષમતા ના હોય તો બે પેપર્સ તો સોલ્વ કરવા જ જોઈએ.

**● પેપર સોલ્વ કરવાથી અને મોક ટેસ્ટથી સફળતાની ગેરંટી કેટલી ?**

મિત્રો મેં ઉપરોક્ત માહિતી લખી તો તમને મનમાં ચોક્કસ સવાલ થશે તે પેપર સોલ્વ કરવાથી અને મોક ટેસ્ટ આપવાથી સફળતાની ગેરંટી મળે કે નહીં. આ સવાલ થવો સ્વાભાવિક છે. પરંતુ મારી સલાહ માનો તો એક માત્ર રસ્તો છે કે તમનતમારી શૈક્ષણિક ક્ષમતા વિશે આગોતરી માહિતી મળી જશે અને ભવિષ્યનું પ્લાનિંગ કરવાની ખબર પડી જશે. પેપર સોલ્વ કરવાની પ્રેક્ટિસ હશે તો તેના ઘણા ફાયદા છે તે આ મુજબ છે.

★ પેપરમાં જવાબ આપવાનો આત્મવિશ્વાસ આવી જાય છે

★ પડકાર ઝીલવાની ક્ષમતામાં થાય છે વધારા, પેપર લખવાની ઝડપમાં અભૂતપૂર્વ વધારો

★ ઝડપથી પેપર કેવી રીતે લખી શકાય તેની આવી જાય છે આવડત

★ કેવા પ્રશ્નો આવવાના છે તેનો આવી જાય છે અંદાજ

★ સચોટ અને સાચા જવાબ લખવાની પ્રેક્ટિસ થઈ જાય છે

★ સારા અને સુવાચ્ય અક્ષરોથી જવાબો આપી શકો છો

★ પ્રશ્નો લખવાની સીકવન્સ ખબર પડી જાય

★ પેપર લખ્યા બાદ કેટલા ગુણ આવશે તેનો આગોતરો અંદાજ આવી જાય

★ અભ્યાસમાં ક્યાં સ્ટ્રોંગ છો તેનો અંદાજ આવી જાય

★ અભ્યાસમાં ક્યાં તૈયારીની જરૂર છે તેની ખબર પડી જાય

★ પરીક્ષાના દિવસે કોઈ જ જાતનો ડર રહેતો નથી

★ પ્રશ્નોના જવાબ કેવી રીતે આપવા તેનો ખ્યાલ આવી જાય છે.

★ જ્યાં નથી આવડતું તેનું જ્ઞાન મેળવી શકાય છે

★ જ્યાં મહેનત કરવાની નથી તે વિષય પડતો મૂકી શકાય છે

તો મિત્રો આ ઉપરાંત બીજા પણ મહત્ત્વના સૂચનો છે કે, ઘણા વિદ્યાર્થીઓને ખોટી ચિંતા અને તણાવ રહેતો હોય છે તેના કારણે આવડતી બાબતો પણ ભૂલી જવાય છે. આથી તણાવ મુક્ત રહેવું તે ખૂબ જ જરૂરી છે. પેપર સોલ્વ કરવા ઉપરાંત પણ કેટલીક બાબતો ધ્યાને લેવાથી વિદ્યાર્થીઓને તણાવમાં રાહત મળે છે અને તેમનો આત્મવિશ્વાસ વધે છે. વિદ્યાર્થીઓએ પરીક્ષાના ભયને દૂર કરવા માટે પૂરતી ઊંઘ લેવી જોઈએ. આ સાથે એક ધારો અભ્યાસ કરવાના બદલે દિવસ દરમ્યાન બ્રેક લેવો જોઈએ. પૌષ્ટિક ભોજન અને તે પણ મર્યાદિત માત્રામાં લેવાથી તબિયત સારી રહી છે અને મન પ્રફુલિત રહે છે. ભોજનને લગતી શારીરિક સમસ્યાઓ થતી નથી. જો શોખ હોય તો સંગીત સાંભળવું જોઈએ કે અથવા રમત ગમત સહિત બીજી કોઈ મનગમતી પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી કરીને તણાવ દૂર થાય. પરીક્ષામાં સફળતાના ત્રણ મંત્ર છે. આત્મવિશ્વાસ, એકાગ્રતા અને દૃઢ મનોબળ. આ ત્રણ બાબતોને ધ્યાન રાખીને અભ્યાસ કરવામાં આવે તો સફળતા મળવામાં ક્યાંય કોઈ બાબત નડતી નથી.

### PMJAY યોજના હેઠળની ખાનગી હોસ્પિટલના બીલોની ચુકવણી ના થવાને કારણે

# હોસ્પિટલો આર્થિક સંકળામણમાં, જેના લીધે પ્રધાનમંત્રીની ડ્રીમ PMJAY યોજના ગુજરાત રાજ્યમાં સંકટમાં

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૪ ગુજરાત રાજ્યમાં PMJAY આયુષ્માન યોજના ૨૦૧૬ થી કાર્યરત છે. યોજનામાં પ્રાઈવેટ હોસ્પિટલ SHA - ગવર્મેન્ટ અને ઈન્સ્યુરંન્સ કંપની સાથે Triparty MOU કરવામાં આવે છે. પ્રાઈવેટ હોસ્પિટલ દ્વારા દર્દીને કેશલેસ સારવાર આપવામાં આવે છે. MOU મુજબ તેનું પેમેન્ટ હોસ્પિટલને ૧૫ દિવસની અંદર ઈન્સ્યુરંન્સ કંપની દ્વારા કરવાનું હોય છે. અને જો વીમા કંપની દ્વારા ૧૫ દિવસ પછી પેમેન્ટ કરે તો ૦.૧% દર અઠવાડિયે વ્યાજ ચુકવણીની જોગવાઈ છે. તેમ છતાં ગુજરાતની ૩૦૦ થી વધારે PMJAY empanelled પ્રાઈવેટ હોસ્પિટલની પોલિસી ૫,૬,૭ ના (જુલાઈ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૩) છેલ્લા ૨ વર્ષના આશરે ૩૭૦ કરોડથી વધુ પેમેન્ટ બાકી છે.

પરંતુ હવે લાંબા સમયથી આ બીલની ચુકવણી નથી કરવામાં આવતી ત્યારે ખર્ચ કરવા માટે હોસ્પિટલ પહોંચી ન શકે તેવી પરિસ્થિતિ સર્જાય છે. હોસ્પિટલને સારવાર દરમ્યાન જરૂરી દવાઓ, અન્ય સંશોધનો, સ્ટાફ પગાર વગેરેનો ખર્ચ દર મહિને ચુકવવો પડે છે. પરંતુ જયારે બાકી બીલની રકમ મહિનાઓ અને વર્ષો સુધી ન મળવાને કારણે અત્યંત ગંભીર આર્થિક કટોકટી હોસ્પિટલ માટે સર્જાય છે.

આ બાબતની PMJAY યોજનાના અધિકારીઓ તથા સરકારને વારંવાર જાણ કરવા છતાં દરેક વખતે બાહેંધરી આપવામાં આવે છે કે હોસ્પિટલને તાત્કાલિક ધોરણે બિલની ચુકવણી કરવામાં આવશે. પરંતુ હજુ સુધી ઘણી મોટી રકમની ચુકવણી બાકી છે. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર યોગ્ય સારવાર PMJAY યોજના હેઠળ મળતી ચાલુ રહે તે માટે સરકારને તાત્કાલિક ધોરણે હોસ્પિટલોના બાકી બિલની ચુકવણી સત્વરે કરવી જરૂરી છે.

આ ઉપરાંત હાલની પોલિસી ૮માં વીમા કંપનીઓ દ્વારા દર્દીને યોગ્ય રીતે સંપુર્ણ સારવાર આપતા છતાં પણ હોસ્પિટલોને PMJAY ટેરિફ અનુસાર મળવાપાત્ર બિલની રકમમાં અયોગ્ય રીતે ઘટાડો કે નામંજુર કરવામાં આવે છે. અને આને કારણે પણ હોસ્પિટલો વધુને વધુ આર્થિક કટોકટીમાં આવતી જાય છે. Deduction અને Rejection આ ઉપરાંત ચાલુ વર્ષની પોલિસીનું પણ ઘણું પેમેન્ટ, આશરે ૫૦૦ કરોડ ચુકવણી બાકી છે. આ બાબતની રજુઆત સમયાંતરે કલેકટર/ CDHO ને કરવામાં આવેલ છે.

છેલ્લા દોઢ વર્ષથી વારંવાર PMJAY અધિકારીઓ, CDHO, હેલ્થ સેક્રેટરી, પ્રિન્સિપાલ સેક્રેટરી હેલ્થ મિનિસ્ટર ઋષિકેશભાઈ પટેલ, CM ભુપેન્દ્રભાઈ પટેલ, Union હેલ્થ મિનિસ્ટર મનસુખભાઈ માંડવિયાને રજુઆત કરવામાં આવી હતી. તેમ છતાં આજ દિવસ સુધી પેન્ડિંગ પેમન્ટ કરવામાં આવેલ નથી. અત્યારે ઘણી પ્રાઈવેટ હોસ્પિટલોને PMJAY સેવા બંધ કરવી પડે એવી આર્થિક સંકળામણ સર્જાઈ છે.

અમે PEPHAG (PMJAY empanelled private hospitals association of gujrat). મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા હેલ્થ મિનિસ્ટર ઋષિકેશભાઈ પટેલને નમ્ર વિનંતી કરીએ છીએ કે તાત્કાલિક ધોરણે પેન્ડિંગ પેમેન્ટની ચુકવણી કરવામાં આવે તેમજ ચાલુ પોલિસીમાં પણ પેયમેન્ટ ચુકવણી નિયમિત રીતે TAT સમય મર્યાદા ૧૫ દિવસ મુજબ કરવામાં આવે.

## માણાવદર-વંથલી હાઈવેમાં ફરી થીગડા મારવામાં પણ લોટ, પાણી ને લાકડા જેવી કામગીરી



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૧૪ માણાવદર-વંથલી હાઈવે છેલ્લા એક વર્ષથી સારા રસ્તાના પ્રશ્ને વારંવાર રજુઆતો, અખબારી અહેવાલો પ્રસિધ્ધ થઈ ચુકયા છે પરંતુ નિંભર તંત્ર માત્રને માત્ર થીગડા ઉપર થીગડા મારીને સંતોષ માની રહયું છે. છેલ્લા અઠવાડીયામાં તંત્ર દ્વારા વંથલી હાઈવે રોડ જે નવો જ બનાવવો પડે તેવી સ્થિતી છે છતાં થીગડા ઉપર થીગડા મારવામાં આવ્યા છે. આ વખતે લાંબા થીગડા માર્યા અને તે પણ રસ્તા વચ્ચે મારેલ હોવાથી રોડની બંને સાઈડો ઉચી-નીચી રહી ગયેલ છે. જેથી અકસ્માતનો ભય સેવાઈ રહેલ છે. આમ માણાવદર -વંથલી હાઈવેની કામગીરીમાં લોટ, પાણી ને લાકડા જેવી કામગીરી જોવા મળી રહી છે. આમ માણાવદર પંથકની પ્રજા રોડના કામોનો હિસાબ તંત્ર પાસેથી માંગે તો ચોંકાવનારા ખુલાસા બહાર આવે તેમ છે.

### અરણીયાળાના નિવૃત્ત શિક્ષક

## સવિતાબેન ભેંસદડીયાનું સન્માન કરાયું



જૂનાગઢ તા. ૧૪ શિક્ષણ અંગે ચિંતન તેમજ મનન, શિક્ષણના સ્તરને ઉચ્ચકોટી તરફ લઈ જવા માટે થતા પ્રયત્નો દ્વારા ગુણવત્તા તેમજ ઉચ્ચસ્તરીય પરિણામોની અપેક્ષા માટેના અવિરત ચાલતા આ જ્ઞાનયજ્ઞ દ્વારા જૂનાગઢ જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને જીલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના સંયુકત ઉપક્રમે યોજાયેલ ચોથા શૈક્ષણિક અધિવેશનમાં નિવૃત શિક્ષકોને પ્રમાણપત્ર આપી શાલથી સન્માનિત કરેલે હતા જેમાંથી યોગેશ્વર વિદ્યા મંદિર અરણિયાળાના નિવૃત્ત શિક્ષિકા સવિતાબેન જમનાદાસ ભેંસદડીયા પોતાની ૩૬ વર્ષથી સર્વિસમાં વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને ઉત્તમ શિક્ષણ આપીને ઉંચી પોસ્ટ ઉપર કેટલાય વિદ્યાર્થીઓને સ્થાન અપાવેલ છે. તેમના સન્માનથી વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી ફેલાયેલ છે.

## ઊના: તાજુ જન્મેલ બાળકને ત્યજી દેતા તપાસ હાથ ધરાઈ

ઉના તા. ૧૩ ઊના શહેરમાં એચ.ડી.એફ.સી. બેંકની સામે રહેણાંક ખાણ વિસ્તારમાં એક મકાનની પાછળ નારિયેળના કાછલાના ઢગલા ઉપર એક નવજાત શિશુંના રડવાનો અવાજ આવતા ત્યાં રહેતી મહિલાએ જોતા કોઈ અજાણી મહિલા તેમનું પાપ છુપાવા તાજુ જન્મેલ બાળકને મૂકી નાસી ગઈ હોવાનું જણાતા આ અંગે ઊના પોલીસને જાણ કરતા પી.એસ.આઈ. સી.બી. જાડેજા અને મહિલા પી.એસ.આઈ. આર.એન. સુવા સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને બાળકને લઈ સરકારી હોસ્પિટલએ સારવાર માટે લઈ ગયા હતા અને વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ લઈ ગયેલ છે. પોલીસે તપાસ કરતા જયાંથી નવજાત શિશુ મળેલ હતું ત્યાં લોહીના ટીપાં એક ઘર સુધી જોવા મળેલ હતા અને પોલીસે એ ઘરમાં રહેતી મહિલાની પૂછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપેલ ન હતો તેથી પોલીસે અજાણી મહિલા સામે પોતાનું નવજાત શિશુને કેમ તરછોડી દીધેલ તેની નોંધ કરી એફ.એસ.એલ.ની મદદથી માતાને પકડવા તજવીજ હાથ ધરી છે.

## તુર્ક મુસ્લીમ જમાત જૂનાગઢ દ્વારા સાતમો તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો






જૂનાગઢ તા. ૧૪ તુર્ક મુસ્લીમ જમાત જૂનાગઢ દ્વારા સાતમો તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તા.૧૧-૨-૨૪ ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે તુર્ક મુસ્લ્મ જમાતખાના જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં ધો.૧થી કોલેજ ઉપરાંત વિવિધ ક્ષેત્રે ડીગ્રી હાંસલ કરનાર કુલ ૨૪૦ વિદ્યાર્થીઓને સમાજના વડીલો તથા જમાતના ભાઈ-બહેનોની હાજરીમાં વિવિધ ઈનામો દ્વારા સન્માનિત કરવામાં આવેલ હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ નાસીરખાન, ઉપપ્રમુખ શાકીરખાન તથા સભ્યો યુનુશખાન, મજીદખાન, અયુબખાન, નાસીરખાન, ભાવનગરી વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## આજે વસંત પંચમી : નિસર્ગનુ યૌવન એટલે વસંત પંચમી

આપણા દેશમાં છ ઋતુઓ હોય છે જે પોતાના ક્રમમાં આવીને પોતાનો રંગ બતાવે છે પણ વસંત ઋતુનુ પોતાનુ જ વિશેષ મહત્વ છે. તેથી વસંત ઋતુઓનો રાજા કહેવાય છે. આપણે જેમ ઉત્સવ ઊજવીએ છીએ તેમ પ્રકૃતિ પણ તેનો ઉત્સવ ઊજવે છે અને તે ઉત્સવના વધામણાં આપતો મહા સુદ પાંચમનો દિવસ એટલે વસંત પંચમી.વસંત એ તો સૃષ્ટિનું યૌવન છે અને યોવન એ જીવનની વસંત છે. વસંત એટલે નિસર્ગનો છલકાતો વૈભવ. વસંત એટલે જીવન ખિલવવાનો ઉત્સવ. વસંતઋતુ એટલે તરુવરોનો શણગાર. વસંત એટલે નવપલ્લવિત થયેલું, ખીલેલું, આમ્રકુંજોની મહોરની માદક સુવાસથી મહેંકી ઊઠેલું ઉલ્લાસ.

વસંત ઋતુ એક વેદકાલીન પર્વ છે. આ દિવસે બ્રાહ્મણો પોતાના બાળકોનો ઉપનયન સંસ્કાર કરી ઋષિ આશ્રમમાં પ્રવેશ આપતા. વસંત પંચમીના દિવસે જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી દેવીનો જન્મ થયો હતો. તેથી આ દિવસે દેવી સરસ્વતીની પૂજા અર્ચના કરવામાં આવે છે. પ્રકૃતિનું સૌથી રમણીય રૂપ જોવુ હોય તો વસંત પંચમીથી કુદરતને ધ્યાનથી નિહાળવી શરૂ કરો. સોળે કળાએ ખીલી ઊઠેલી પ્રકૃતિ, સૌંદર્યની લહાણ કરતી સૌને આકર્ષે છે.વસંત પંચમી પર આપણા પાક, ઘઉં, ચણા, જવ વગેરે તૈયાર થઈ જાય છે. તેથી તેની ખુશીમાં આપણે વસંત પંચમીનો તહેવાર ઉજવીએ છીએ. સંધ્યા સમયે વસંતનો મેળો લાગે છે જેમા લોકો પરસ્પર એકબીજાના ગળે ભેટીને પરસ્પર સ્નેહ, મેળાપ અને આનંદનુ પ્રદર્શન કરે છે. વસંત પંચમીના દિવસે પીળા વસ્ત્ર પહેરવાની પ્રથા છે. જો કે આજે શહેરોમાંથી તે લુપ્ત થઈ ગઈ છે. ગામડાઓમાં જરૂર તેનો થોડો પ્રભાવ જોવા મળે છે. હા પણ વસંત પંચમીના દિવસે ગાજરનો હલવો, કેસરિયા ભાત કે કેસરિયા ખીર ખાઈને આજે પણ વસંત પંચમીનો ઉલ્લસ ઉમંગ પ્રગટ થાય છે. પરિવારમાં પ્રસન્નતાનુ વાતાવરણ બને છે. વૃક્ષ-વનસ્પતિમાં નવું ચેતન ઊભરાય છે, ડાળી ડાળીએ નવું જીવન રેડાય છે. લીલા પર્ણો ફૂટે છે, આમ્રવૃક્ષોનો ઉત્સાહ સમાતો નથી. વૃક્ષોમાં પણ જીવ છે. વિવિધ પુષ્પોની સુગંધથી વાતાવરણ છલકાય છે. વસંતઋતુના કામણ પણ અજબ હોય છે. રૂપ, રસ, રંગ, સુગંધ, પંચમસ્વર વગેરેની વસંત પંચમીના દિવસે રંગત જામે છે. ઉત્સવ-સમૈયાનું આયોજન કરવામાં આવે છે. ઋતુરાજ વસંતનો વિજય થાય છે. ભલભલા મુનિવર્યોને કે મુનિવરોને વસંતે પીગળાવી નાંખ્યાં છે.

-લેખન-

ડો.સચિન જે. પીઠડીયા (માંગરોળ)

### પ્રેમ એટલે..?

# વ્યક્તિ જીવનમાં વિવિધ તબક્કામાંથી પસાર થતાં જુદી-જુદી પ્રેમની અનુભૂતિ કરે છે

મનુષ્યના જીવન ઘડતરમાં પરમાત્મા, પરિવાર અને પ્રેમનું વિશેષ મહત્વ હોય છે. એક વ્યક્તિ જીવનમાં જુદા-જુદા તબક્કાઓમાંથી પસાર થતાં જુદી-જુદી પ્રેમની અનુભૂતિઓ કરે છે. જન્મતા જ માતાના નિઃસ્વાર્થ પ્રેમની છત્રછાયામાં પાલન પોષણ પામે છે. પિતાની પ્રેમાળ પાલનાની દિવ્ય અનુભૂતિઓ તો અનેરી જ હોય છે. ભાઈ-બહેન અને પરિવારના અન્ય સદસ્યો પાસેથી વિશેષ પ્રેમ મળે છે. ભારતીય સંસ્કૃતિની દિવ્યતા અને ભવ્યતા જ પરિવાર ભાવનામાંથી છલકી ઊઠે છે. પશ્ચિમી સંસ્કૃતિના વેલેન્ટાઈન ડે અનેભારતીય સંસ્કૃતિની વસંત પંચમી એટલે પ્રેમીઓનો દિવસ. આજના દિવસે યુવાઓના હૃદયમાં પ્રેમની હેલી ઉમટી પડે છે. મોટાભાગના લોકોને આ દિવસની મહિમા તથા ઈતિહાસ વિષે ખબર જ હશે. પરંતુ આજે આપણે એક અનોખા સંદર્ભથી પ્રેમને સમજવાની શરૂઆત કરીએ.

આજનો દિવસ અન્ય દેશોમાં વિશિષ્ટ રીતે ઉજવવામાં આવે છે. જ્યારે આપણે પણ આજે વાસ્તવિક રીતે પ્રેમને ખરા અર્થથી સમજવાની જરૂરીયાત છે. પ્રેમ એ સ્ત્રી અને પુરૂષ પૂરતો મર્યાદિત નથી. પરમાત્મા પ્રેમ, પરિવાર પ્રત્યે પ્રેમ, મિત્રોનો પ્રેમ, ગુરૂ-શિષ્યનો પ્રેમ, પ્રકૃત્તિ માટે પ્રેમ ઉપરાંત વ્યક્તિ, વસ્તુ કે વાયુમંડળ માટે પણ પ્રેમ હોય શકે છે. આજના અતિ આધુનિક યુગમાં પ્રેમની વ્યાખ્યા તદન જુદી જ કરવામાં આવી રહી છે. હકીકતમાં પ્રેમ શું છે, આપણે જુદા જુદા સંદર્ભોથી તપાસવાની જરૂરિયાત છે.

મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોઈએ તો પ્રેમ એ જટિલ લાગણી છે. જેમાં પ્રેમની વસ્તુ માટે સ્નેહ, આનંદદાયક સંવેદનાઓ, તેની સુખાકારી પ્રત્યેની નિષ્ઠા અને પોતાની જાત પ્રત્યેની તેની પ્રતિક્રિયાઓ પ્રત્યે સંવેદનશીલતાનો સમાવેશ થાય છે. સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય દર્શાવે છે કે પ્રેમ એ શારીરિક, ભાવનાત્મક, જાતિય, બૌદ્ધિક અથવા સામાજિક સ્નેહ છે જે એક વ્યક્તિ બીજા માટે રાખે છે. આધ્યાત્મિકતા પ્રેમનું અર્થઘટન જુદા પ્રકારે દર્શાવે છે. કહેવાય છે કે નિઃસ્વાર્થ પ્રેમ માતા સિવાય બીજું કોઈ વ્યક્તિ કરી નાં શકે. જ્યારે એક રીતે જોઈએ તો પરમાનંદની અનુભૂતિ ફક્ત પરમાત્મા પ્રેમ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે. પરમાત્મા તો પ્રેમના સાગર છે. વિશ્વની પ્રત્યેક આત્મા પરમાત્માની સંતાન છે. પરમાત્માની સંતાન હોવાના નાતે આત્મા પણ પ્રેમ સ્વરૂપ છે. પરંતુ આપણે દેહ-ભાન વશ આપણાં એ સ્વરૂપને ભૂલી ગયા છીએ. આત્માનો સ્વધર્મ 'પ્રેમ' છે. સપ્તગુણધારી આત્મા પ્રેમ, આનંદ, સુખ, શાંતિ, પવિત્રતા, જ્ઞાન, અને શક્તિ સ્વરૂપ છે. બસ આપણે સ્વને અને સ્વના પિતાને ભૂલી ગયા છીએ જેને ખરેખર ઓળખવાની જરૂર છે.

હકીકતે પ્રેમ એક દિવ્ય અનુભૂતિ છે. પ્રેમ એ આત્માનો જ આંતરિક ગુણ છે અને આત્મા તો અવિનાશી છે. જ્યારે શરીર તો વિનાશી છે. શરીરનો નાશ થતાં પ્રેમ સમાપ્ત થઈ જાય તો તે પ્રેમ અવિનાશી ક્યાંથી હોય..? પ્રેમ એ આત્માનો વિષય છે. આત્મા-પરમાત્મા અને આત્મા-આત્માનો જે રૂહાની પ્રેમ હોય તે જ સાચો અવિનાશી પ્રેમ છે. જ્યારે અત્યારના સમયમાં તો પ્રેમની વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે. પ્રેમ ક્યારેય વાસનાઓની તૃપ્તિ માટે ન હોય શકે. પ્રેમ તો એક પવિત્ર ગુણ છે. પ્રેમ એક આવૃત્તિ છે. તમારૂં જીવન તમારી પ્રેમની આવૃત્તિ પર નિર્ભર હોય છે.

કોઈ પૂછે કે પ્રેમ એટલે શું.? તો કહી શકાય કે અદ્રશ્ય હોવા છતાં પ્રેમ જળ અને વાયુ જેટલું જ વાસ્તવિક છે. પ્રેમ એક સક્રિય, જીવંત અને ગતિશીલ શક્તિ છે. સમુદ્રની જેમ પ્રેમ પણ લહેરો અને ધારાઓમાં વહે છે. પ્રેમ એક સકારાત્મક શક્તિ છે. પ્રેમ કમજોર, નાજુક કે કોમળ ન હોય શકે, પ્રેમ જીવનની એક સકારાત્મક શક્તિ છે. ગુરૂત્વાકર્ષણ અને વિદ્યુત ચુંબકીય શક્તિ આપણે આંખો દ્વારા જોઈ શકતા નથી, પરંતુ તેમાં રહેલી શક્તિઓ વિષે કોઈ જ વિવાદ નથી. તેવી જ રીતે પ્રેમની શક્તિ આપણે જોઈ શકાતી નથી પરંતુ હકીકતમાં તે કોઈપણ શક્તિથી મહાન શક્તિ છે. પ્રેમ વિના જીવન જ શક્ય નથી.

જે ચીજ વસ્તુઓ અને વ્યક્તિઓને આપણે પસંદ કરીએ છીએ, હકીકતમાં આપણે તેને પ્રેમ કરીએ છીએ. જેને આપણે પસંદ કરતાં નથી, તેને આપણે પ્રેમ કરતાં નથી. વ્યક્તિ અને વસ્તુ પણ એ જ



ગુણોત્તરમાં આપણને ચાહે છે જે ગુણોત્તરમાં આપણે ચાહીએ છીએ. આપણે જીવનમાં પરીવર્તન માટે સંઘર્ષ નથી કરવાનો, તમારે ફક્ત શુભ ભાવનાઓ આપવાની, પ્રેમ આપવાનો છે. તમારી મનચાહી વસ્તુ તમારી સામે આવી જશે. આપણે ઘણીવાર એવું વિચારતા હોઈએ છીએ કે હું ત્યારે ખુશ થઈશ જ્યારે મારી પાસે સારૂં મકાન હશે, હું ત્યારે ખુશ થઈશ જ્યારે મારી પાસે સારી નોકરી હશે, બાળકોનું ભણતર પૂરૂં થઈ જાય, વ્યવસાયમાં સફળ થઈ જાઉં તો... તો ક્યારેય આ વસ્તુ મળશે નહીં. તમારા વિચાર પ્રેમના નિયમની અવહેલના કરી રહ્યા છે. સુખદ વસ્તુ મેળવવા પહેલા ખુશ રહેવું પડે. જે મેળવવું છે તે આપવું પડે. તમે જે પણ આપશો પ્રેમની શક્તિ તે અનેકગણું કરીને તમને પાછું આપશે. વિશ્વની દરેક વસ્તુ ચુંબકીય છે. દરેક વસ્તુની એક ચુંબકીય આવૃત્તિ હોય છે. આપણી દરેક ભાવના અને વિચાર પણ એક આવૃત્તિ જ છે. સારી ભાવના અર્થાત તમે સકારાત્મક આવૃત્તિ પર છો. ખરાબ ભાવના અર્થાત તમે નકારાત્મક આવૃત્તિ પર છો. કોઈ ચુંબકની જેમ આપણે આપણી આવૃત્તિ અનુસાર વ્યક્તિ તેમજ ઘટનાઓને ખેંચીએ છીએ. તમે ખુશ છો તો તમે સકારાત્મક આવૃત્તિ પર છો અને સકારાત્મકતાને આકર્ષિત કરશો. જો તમે ભયભીત કે તણાવગ્રસ્ત છો તો તમારી આસપાસ આવી જ પરિસ્થિતિ આકર્ષિત થશે. તમારી ભાવનાઓ બદલીને તમે તમારી આવૃત્તિ પરિવર્તિત કરી શકો છો.

પ્રેમનો અર્થ ફક્ત એક બીજા પ્રત્યે સમર્પિત હોય એ નથી. પ્રેમનો અર્થ છે એક જ દિશામાં ચાલવું. ઘણીવાર લોકો પ્રેમને બંધન માને છે. પ્રેમ અને બંધન બંને વિપરીત છે. હકીકતે પ્રેમમાં બંધન હોતું નથી. જે બંધનમાં રાખે તે પ્રેમ ન હોય શકે. પ્રેમ તો આપણને મુક્ત રાખે છે. ઈશ્વરીય પ્રેમમાં જ્યારે આપણે મગન હોઈએ ત્યારે પરમાત્મા એ નથી જોતાં કે આપણે તેને કેટલો પ્રેમ કરીએ છે. તે એ જુએ છે કે આપણે તેને કેટલા પ્રેમથી યાદ કરીએ છે. આ સંસારની ઉત્પતિ જ પ્રેમથી થઈ છે. પરંતુ અત્યારના સમયમાં પ્રેમનું મહત્વ બદલાઈ ગયું છે. અર્થાત પ્રેમ ન મળવાને કારણે સંસાર દુઃખોનું ઘર બની ગયું છે. અજાણતા જ પ્રેમના ભાવને આપણે અનેક ભાવોમાં દૂષિત કરી દીધું છે. આથી જ જરૂરી છે કે જે તમને પ્રેમ કરે છે તેના મહત્વને સમજો. તે તમારા જીવનમાં છે એટલે તમારૂં જીવન સુંદર છે. તેની કાળજી કરવાનું શીખો.

પરિવાર સંસારનું એકમ છે. હવે જુઓ તમે પરિવારમાં કેવી રીતે રહો છો? મજબૂરીથી કે ખુશીથી.? કોઈ સભ્ય ભલે કેવું પણ હોય આપણે તેને નિઃસ્વાર્થ સ્નેહ કરીએ તો તે પણ સ્નેહથી રહેશે. વાસ્તવમાં ઘરમાં જે પરેશાનીઓ છે તેનું મૂળ કારણ એ છે કે લોકો સ્નેહ માંગે છે. જ્યારે તેને સ્નેહ મળતો નથી તો તે ખરાબ વ્યવહાર કરે છે. જેથી આપણે તેની તરફ ધ્યાન આપીએ. દરેક મનુષ્યનો સ્વભાવ જુદો જુદો હોય છે. તેને તે અનુસાર જ સ્વીકાર કરો. આપણી સાથે જોડાયેલા બધા જ સંબંધોનું મહત્વ સમજો, તેની કદર કરો. દરેક વ્યક્તિ પોતાની કદર ઈચ્છે છે. જો તેની કદર નહીં હોય તો પ્રેમ ખતમ થઈ જશે અને પરેશાની વધી જશે. પ્રેમમાં વિશ્વાસ આવશ્યક છે. વિશ્વાસ વિશ્વની ઉચ્ચતમ તરંગ છે. એક એવી તરંગ જે ખુબજ શક્તિશાળી છે અને અતૂટ પ્રેમનું નિર્માણ કરે છે. અને છેલ્લે... **Lª's make God, Our trueand most beloved Valentine.**

– પ્રો.ડો. તૃપ્તિ છાંટબાર

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના સંસદીય વિસ્તારમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂા. ૭૦૦ કરોડથી વધુના ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન







## દેશના બે સપૂતો નરેન્દ્રભાઈ અને અમિતભાઈ એ છેવાડાના માનવી સુધી કેવી રીતે વિકાસ પહોંચી શકે, એ દેશ અને દુનિયાને બતાવ્યું છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂા. ૪૦૨ કરોડના ખર્ચે અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા, વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં સિંચાઈ સુવિધા માટેનાં કામોનું ખાતમુહૂર્ત તેમજ રૂપિયા ૩૦૦ કરોડથી વધુના ખર્ચે સાણંદ વિધાનસભા મતવિસ્તારના વિવિધ પ્રકારનાં વિકાસનાં કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ સાણંદ ખાતેથી કરાયું હતું. આ પ્રસંગે જનસભાને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈની જોડીએ દેશના નાગરિકોને સુ-રાજ્ય ગવર્નન્સની પ્રત્યક્ષ અનુભૂતિ કરાવી છે. દેશના આ બે સપૂતોએ છેવાડાના માનવી સુધી કેવી રીતે વિકાસ પહોંચી શકે, એ દેશ અને દુનિયાને બતાવ્યું છે, જેનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ આજે એક જ દિવસમાં રૂપિયા ૭૦૦ કરોડથી વધુના ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમો છે. આ સાથે અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા, વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં સિંચાઈ સુવિધા માટેના કામોનું ખાતમુહૂર્ત થકી આ વિસ્તારના ૪૦ વર્ષ જૂના પ્રશ્નોનું નિરાકરણ પણ આવ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા, વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં સિંચાઈ સુવિધા માટે ખેડૂતોને પાણી મળી રહે એ માટે રૂ. ૪૦૨ કરોડના ખર્ચે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કામ માટેનો વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો છે અને આ કામ પૂર્ણ થવાથી આ નળકાંઠા વિસ્તારના ૩૯ ગામોને નર્મદાનું પાણી મળતું થશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીએ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થયેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસોના લોકાર્પણની વાત કરતા કહ્યું કે, ૧૦મી ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૧ લાખ ૩૨ હજાર જેટલા પ્રધાનમંત્રી આવાસનું લોકાર્પણ કર્યું અને ૧૦ લાખ લોકોને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. આજે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના સંસદીય વિસ્તારમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ- ઔડા દ્વારા સાણંદ ખાતે રૂપિયા ૮૩.૮૧ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવી રહેલા ૭૫૬ ઈ.ડબલ્યુ.એસ આવાસનો ડ્રો સંપન્ન થયો છે.

અમિત શાહના સંસદીય વિસ્તારમાં થયેલાં વિકાસ કામોની વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, છેવાડાના માનવી માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવાની હોય કે પછી રોડ, રસ્તા જેવા કોઈપણ પ્રજાલક્ષી કામ હોય અમિત શાહે હંમેશાં દરેક કામને પ્રાધાન્ય આપીને સમયસર તેને પૂર્ણ કર્યું છે. આખા દેશનું ધ્યાન રાખવાની સાથે અમિત શાહ પોતાના સંસદીય વિસ્તારનું પણ એટલું જ ધ્યાન રાખી રહ્યા છે. તેમણે પોતાના ગાંધીનગર લોકસભા વિસ્તારમાં પર્યાવરણ અનુરૂપ કુલ ૨૩,૦૦૦થી પણ વધુના વિકાસ કામોની ભેટ નાગરિકો તેમજ ગ્રામજનોને આપી છે.

આ પ્રસંગે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પર વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, આજે સમગ્ર દુનિયા ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી વાકેફ છે. એટલું જ નહીં વરસાદની પેટર્ન પણ બદલાઈ ગઈ છે ત્યારે આવા સંજોગોમાં વૃક્ષો વાવવા અને વૃક્ષોનું જતન કરવું ખૂબ જરૂરી છે એવી અપીલ પણ ગ્રામજનોને કરી હતી. આ સાથે ગાંધીનગર લોકસભા દેશની સર્વશ્રેષ્ઠ લોકસભા બને એ દિશામાં તમામ કામો થઈ રહ્યા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર મૂકેશ પુરીએ કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા, વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ સુવિધા માટે પાણી મળી રહે એ માટે પ્રથમ ફેઝનું રૂ.૪૦૨ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત સંપન્ન કર્યું છે. સિંચાઈ સુવિધા માટે ખેડૂતો દ્વારા સતત માંગણી કરવામાં આવી રહી હતી ત્યારે રાજ્ય સરકારે આ નળકાંઠા વિસ્તારને નર્મદા કમાન્ડમાં સમાવેશ કરીને ખેડૂતોને સિંચાઈ સુવિધા માટે પાણી પૂરું પાડ્યું છે. એટલું જ નહીં બે તબક્કામાં આ કામ પૂર્ણ થશે, જેના માટે અંદાજિત કુલ રૂ.૧૪૨૯ કરોડ ફાળવવામાં આવ્યા છે. પ્રથમ ફેઝમાં રૂ. ૪૦૨ કરોડના ખર્ચે તેમજ બીજા ફેઝમાં રૂ. ૧૦૨૭ કરોડના ખર્ચે કેનાલના નેટવર્કનું કામ પૂર્ણ કરી ખેડૂતોને સિંચાઈની સુવિધા આપવામાં આવશે.

આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિતભાઈ શાહના સંસદીય વિસ્તારમાં કુલ રૂપિયા ૩૦૦ કરોડથી વધુનાં વિકાસ કાર્યોનું ઈ- લોકાર્પણ અને ઈ-ખાતમુહુર્ત થયું છે. ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત થનાર વિકાસકામોની વિગતોની વાત કરીયે તો, કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની વિવિધ ગ્રાન્ટમાંથી સાણંદ અને બાવળા નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૪.૧૭ કરોડના વિવિધ ૦૬ જેટલા કામોનું ઈ-લોકાર્પણ અને રૂ. ૫૯.૧૨ કરોડના વિવિધ ૦૮ કામોનું ઈ-ખાતમુહર્ત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જિલ્લા આયોજનની વિવિધ ગ્રાન્ટમાંથી સાણંદ, બાવળા અને દસક્રોઈ તાલુકામાં રૂ. ૧.૦૬ કરોડના વિવિધ ૨૯ કામોનું ઈ-લોકાર્પણ અને રૂ. ૦.૬૮ કરોડના વિવિધ ૧૮ કામોનું ઈ-ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ જિલ્લાની પંચાયતો હસ્તકની વિવિધ ગ્રાન્ટમાંથી સાણંદ, બાવળા અને દસક્રોઈ તાલુકામાં રૂ. ૧.૪૮ કરોડના વિવિધ ૫૭ કામોનું ઈ-લોકાર્પણ અને રૂ. ૫૩.૫૦ કરોડના વિવિધ ૩૨ કામોનું ઈ-ખાતમુહર્ત તેમજ સાણંદ ખાતે યુ.એન.એમ. ફાઉન્ડેશનના સી.એસ.આર. અંતર્ગત રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે કેશરડી ગામના લેક બ્યુટીફિકેશન અંતર્ગત નિર્માણ પામેલા બાળ ક્રીડાંગણ તથા સ્મશાન ગૃહનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સાણંદ ખાતે ૮૩.૫૧ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવી રહેલા ૭૫૬ ઈડબલ્યુએસ આવાસનો ડ્રો થયો છે.

આ સાથે ઔડા દ્વારા ગાંધીનગર લોકસભા વિસ્તાર સાણંદ, કલોલ, દસક્રોઈ તથા ગાંધીનગર તાલુકાના ૫૩ ગામોમાં રૂપિયા ૯.૭૫ કરોડના ખર્ચે સદભાવના ફંડ હેઠળના કામોનું ઈ -ખાતમુહૂર્ત અને ઓડા દ્વારા સરદાર પટેલ રિંગરોડ પરના ઓગણજ જંકશન પર રૂપિયા ૭૬.૬૧ કરોડના ખર્ચે ત્યાર થનાર અંડરપાસનું ઈ - ખાતમુહૂર્ત તેમજ દ્વારા સાણંદ ખાતે રૂ. ૧૨.૮૧ કરોડના ખર્ચે તૈયાર થનાર ડેવલોપમેન્ટ ઓફ ગઢીયા લેકનું ઈ - ખાતમુહૂર્ત મુખ્યમંત્રીના હસ્તે થયું છે.

# દ્વારકાધીશ જગતમંદિરમાં આજે વસંત પંચમી મહોત્સવ : શ્રીજીના દર્શન સમયમાં ફેરફાર






(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ વસંત પંચમી મહોત્સવની ઉજવણી કરાશે. આજથી વસંત ઋતુની શરૂઆત થતી હોય, પ્રકૃતિના ઉત્સવ ગણાતા વસંત પંચમી પર્વે શ્રીજીને શ્વેત વાઘા પરિધાન કરાવાશે. શ્રીજીને મસ્તકે શ્વેત કુલેર મુકુટ તથા મોરપંખની ચંદ્રિકા સહિતનો શૃંગાર યોજાશે તેમજ આંબાનું રોપણ કરાશે. નિજમંદિરમાં હરિયાળી સજાવટ સાથે ઠાકોરજીને ઠંડા ભોગ અર્પણ કરાશે. બપોરે ૨ વાગ્યે ઠાકોરજીને અબીલ ગુલાલના શુકન કર્યા બાદ ઉત્સવ આરતી યોજાશે. બપોરે ૨ થી ૩:૩૦ સુધી ઉત્સવ દર્શનનો લાભ ભાવિકોને પ્રત્યક્ષ તેમજ વિવિધ ઓનલાઈનના માધ્યમથી થશે. જયારે સાંજનો ક્રમ નિત્યક્રમ અનુસાર યોજાશે.

ઋતુઓમાં હું વસંત છું : શ્રીકૃષ્ણ વસંત ઋતુ એટલે ભારતવર્ષનો વેલેન્ટાઈન દિવસ

ઋતુકાળ મુજબ આ દિવસથી વસંત ઋતુનો પ્રારંભ થતો હોય પ્રકૃત્તિ સોળે કળાએ ખીલી હોય તેમ રંગબેરંગી ફૂલોનો અપ્રતિમ નઝારો જોવા મળે છે. વસંતમાં ફૂલ ગુલાબી ઠંડીથી મનને પ્રસન્નતા મળે છે. વસંત ઋતુમાં સરળતા, સહજતા તથા નિખાલસતા છે. આથી જ ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે કે ઋતુઓમાં હું વસંત છું. કવિઓ પણ વસંત ઋતુને યૌવન ગણાવે છે. ખરા અર્થમાં વસંત ઋતુ એટલે ભારતવર્ષનો વેલેન્ટાઈન દિવસ. કોઈપણ વ્યક્તિના મનમાં પ્રેમની સ્ફૂરણા થાય છે. પ્રેમની અભિવ્યકિત રજૂ કરવા માટે કુદરતે આપેલો ખૂબ સરસ સમય એટલે વસંત.

**વણજોયું મુહુર્ત એટલે વસંત પંચમી** : વર્ષ દરમ્યાન આવતાં મહત્વના મુહુર્તમાં વસંત પંચમીને વણજોયું મુહુર્ત ગણવામાં આવે છે. આ દિવસે તમામ પ્રકારના શુભ કાર્યો, લગ્ન, વેવિશાળ, ગૃહ પ્રવેશ, વાસ્તુ, વિદ્યાનો પ્રારંભ જેવા શુભ કાર્યો કરી શકાય છે. આવા કોઈપણ શુભકાર્યો કરવા આ દિવસે પંચાંગ કે મુહુર્ત જોવાની જરૂર રહેતી નથી.

### યાત્રિક સાથે ગેરવર્તન સહિતના કારણોસર

# ઓખામાં આઠ ફેરી બોટના લાયસન્સ સસ્પેન્ડ કરાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરીબોટમાં નિયમોની અમલવારી કરવા માટે સમયાંતરે ચેકિંગ તેમજ કડક કામગીરી કરવામાં આવે છે. ત્યારે જી.એમ.બી. જારી કરવામાં આવેલા એક પત્રમાં ઓખાથી બેટ દ્વારકા વચ્ચે દરિયાઈ માર્ગ પર ચાલતી જુદી જુદી આઠ ફેરી બોટના ભરવાના શરત ભંગના કારણોસર એક સપ્તાહ માટે સસ્પેન્ડ કરતો હુકમ કરવામાં આવ્યો છે. જાણવા મળતી વિગત મુજબ યાત્રિક સાથે ગેરવર્તન કરવા, મુસાફરોને લાઈફ જેકેટ ન પહેરાવવા, અન્ય જગ્યાએ મુસાફરને ઉતારવા, વારા પ્રમાણે બોટ ન ચલાવવા, સહિતના જુદા જુદા કારણસર ચાંદ તારો, શેરે કિરમાની, શહેનશાહ કિરમાની, ભાગ્ય લક્ષ્મી, અલ મદીના, રમજાન, ઝીલ અને જય મહાકાલ નામની આઠ ફેરી બોટના તારીખ ૧૪ થી ૨૧ ફેબ્રુઆરી સુધી પરવાના મોકૂફ રાખવા તેમજ શરતોના ભંગ બદલ રૂ. ૫૦૦ નો દંડ કરતો હુકમ ગુજરાત મેરીટાઈમ બોર્ડના બંદર અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે.

# ઉના : ગેસ સિલીન્ડર ફાટવાના બનાવમાં સારવાર લઈ રહેલ માતા અને પુત્રનું મૃત્યુ

ઉના તા. ૧૩

ઊના શહેરમાં વડલા ચોક સામે પટેલ વાડી વિસ્તારમાં રહેતા એક પરિવારના ઘરે પંદર દિવસ પહેલા સવારે ચા ગેસના ચૂલા ઉપર બનવતા હતા ત્યારે અચાનક ગેસ સિલિન્ડર ફાટતાં આગ લાગી હતી. જેમાં એકજ ઘરના ચાર સભ્યો દાઝી ગયા હતા તેમને પ્રથમ ઊના અને ત્યારબાદ જૂનાગઢ અને પછી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલુ હતી. આ બનાવમાં માતા હનીફાબેન સામદાર, અને પુત્ર રહીશ ગંભીર રીતે દાઝેલા હતા જેમાં બે દિવસ પહેલા હનિફાબેનનું મૃત્યુ થયું હતુ અને ગઈકાલે રાત્રે તેમના પુત્ર રહીશનું પણ મૃત્યુ થયું હતું. એક પરિવારના બે સભ્ય અવસાન થતાં પરિવારમાં શોક છવાઈ ગયો છે.

# સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૬ મો પદવીદાન સમારોહ રાજ્યપાલની હાજરીમાં આવતીકાલે યોજાશે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૪

વેરાવળમાં કાર્યરત સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૬ મો પદવીદાન સમારોહ રાજયપાલના અધ્યક્ષ સ્થાને આવતીકાલે તા.૧૫ ને ગુરૂવારે બપોરના યુનિવર્સિટી કેમ્પસમાં યોજાશે. આ સમારોહમાં શિક્ષણમંત્રી પ્રફુલ્લ પાનસેરિયા (વર્ચ્યુઅલી ઉપસ્થિતિ) જ્યારે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો.ભાગ્યેશ ઝા, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ ૧૬ માં પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમો પૈકી આ વર્ષે શાસ્ત્રી (બી.એ.) ૩૦૪, આચાર્ય (એમ.એ.) ૨૨૨, પીજીડીસીએ- ૨૦૧, શિક્ષાશાસ્ત્રી (બી.એડ.) ૫૪, તત્ત્વાચાર્ય (એમ.ફિલ.) ૫ અને વિદ્યાવારિધિ (પીએચ.ડી.) ૧૧ મળીને કુલ ૭૯૭ વિદ્યાર્થીઓને ડીગ્રી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે. જ્યારે કુલ ૨૩ ગોલ્ડમેડલ (સુવર્ણ પદક) અને ૪ સિલ્વરમેડલ (રજત પદક) એમ કુલ મળીને ૨૭ જેટલા પદકો પણ એનાયત કરવામાં આવશે. આ સાથે વિશેષમાં જુનાગઢના શ્રી ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ તથા અત્રેની યુનિવર્સિટી વચ્ચે થયેલ એમઓયુ અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ વ્યાકરણ વિષયનાં સંસ્કૃત વિદ્વાન ડો.રાજેન્દ્ર પ્રસાદ શુક્લાને શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ સંસ્કૃત વિદ્વાન-૨૦૨૪ પુરસ્કાર એનાયત કરવામાં આવશે તેમ કુલસચિવ ડૉ.દશરથ જાદવે એક યાદીમાં જણાવ્યુ છે.

# લોકસભા ચૂંટણીના ૮૮ મદદનીશ ચૂંટણી અધિકારીઓના પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમનો બીજો તબક્કો સંપન્ન

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧૪

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની પૂર્વતૈયારીઓના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા ગાંધીનગર અને રાજકોટ ખાતે મદદનીશ ચૂંટણી અધિકારીઓ માટે રાજ્યકક્ષાનો પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. તા.૦૯ જાન્યુઆરીના રોજ પૂર્ણ થયેલા બીજા તબક્કાના તાલીમ કાર્યક્રમમાં ભારતના ચૂંટણી પંચના ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને કર્ણાટક રાજ્યના નેશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ૮૮ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને ચૂંટણી પ્રક્રિયા સંબંધી તાલીમ આપવામાં આવી હતી. તા.૦૯ ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થયેલા આ પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમમાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને ઉમેદવારી પત્રો અને તેને સંલગ્ન બાબતો, EVM-VVPATના સંગ્રહ-પરિવહન અને જાળવણી, મતદાન મથકને લગતી બાબતો, મતદાનના દિવસની વ્યવસ્થાઓ, પોલીંગ સ્ટાફ, આદર્શ આચારસંહિતા, પોસ્ટલ બેલેટ, મતગણતરી અને પરિણામોની જાહેરાત, પેઈડ ન્યૂઝ, મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરીંગ કમિટી, આઈ. ટી. ઍપ્લિકેશન્સ તથા ખર્ચ નિરિક્ષણ સહિતની બાબતો અંગે વિસ્તૃત તાલીમ આપવામાં આવી.

ભારતના ચૂંટણી પંચ દ્વારા ઘડવામાં આવેલા નિયમો, તેને અનુરૂપ અદ્યતન સૂચનાઓ અને નિયત ચૂંટણી પ્રક્રિયાઓ થકી ચૂંટણીઓનું સરળ સંચાલન સુનિશ્ચિત કરવા ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર અને રાજકોટ ખાતે તા. ૦૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪થી તા. ૦૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી યોજાયેલા આ બીજા તબક્કાના તાલીમ કાર્યક્રમમાં ભારતના ચૂંટણી પંચના નેશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ૮૮ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને ચૂંટણીની કામગીરી સંબંધિત તમામ વિષયો પર વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમ કાર્યક્રમના સમાપન પૂર્વે ભારતના ચૂંટણી પંચ દ્વારા તમામ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓનું ઓનલાઈન મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવતીકાલે કૃમિનાશક દિવસની થશે ઉજવણી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જિલ્લામાં તમામ પી.એચ.સી. સબ સેન્ટર દ્વારા ગુરૂવાર તારીખ ૧૫ ના રોજ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવશે. આરોગ્ય સ્ટાફ દ્વારા જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને આંગણવાડી કેન્દ્રો ખાતે કે જેમાં ૧ થી ૧૯ વર્ષની વયના તમામને કૃમિ નિયંત્રણ ગોળી ખવડાવવામાં આવશે. શાળાએ ન જતા અને નોંધાયેલા ન હોઈ તેવા બાળકોને પણ આ કૃમિ નિયંત્રણની ગોળીઓ ઘરે ઘરે જઈ ખવડાવવામાં આવશે. વધુમાં મુખ્ય રાઉન્ડમાં બાકી રહેલા બાળકોને તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ મોપ અપ રાઉન્ડમાં આવરી લેવામાં આવશે. જિલ્લાના અંદાજે ૨,૬૭,૮૬૧ બાળકોને કૃમિ મુક્ત કરવા હેતુ કૃમિ નિયંત્રણની ગોળીઓ ખવડાવવામાં આવશે. આ રાઉન્ડમાં ૧ થી ૧૯ વર્ષની વયના તમામને આવરી લેવામાં આવશે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાગરિકોને રાષ્ટ્રીય કૃમિનાશક દિવસમાં બાળકને અવશ્ય કૃમિ નિયંત્રણની ગોળી ખવડાવવા આરોગ્ય તંત્ર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.


**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ**

**W.118/NIT/E-Tender/2023-24/30/WA તા. 07/02/2024;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી) પશ્ચિમ રેલવે, ભાવનગર દ્વારા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત છે; **(1) ટેન્ડર નં. 33-2023:** ભાવનગર ડિવિઝન: વિવિધ સ્ટેશનો અને એલસી ગેટ પર STACON મેઈક ઇન્ટિગ્રેટેડ પાવર સપ્લાય સિસ્ટમનો કોમ્પ્રિહેન્સિવ વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ ત્રણ વર્ષ માટે **(અંદાજિત ખર્ચ ₹ 54,43,598.16/-)** (ચોપન લાખ તેતાલીસ હજાર પાંચસો અઠ્ઠાણુ રૂપિયા અને સોળ પૈસા પુરા). બિડર્સે ઓનલાઈન લિંક એટલે કે www.ireps.gov.in પર જ અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે વેબસાઈટ www.ireps.gov.in ની વિઝીટ કરવા વિનંતી. **ઓનલાઈન અરજી માટેની છેલ્લી તારીખ 11/03/2024 ના 15:00 કલાક સુધી છે.** 172

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**CHANGE OF NAME**

I have changed my name from MARIYAM AMAD KADU to MARIYAM AHMADALI KADU. Now I would be known as MARIYAM AHMADALI KADU.

: ADDRES :
BANDER ROAD, MANGROL,
JUNAGADH, GUJARAT.

**CHANGE OF NAME**

I have changed my name from AMAD HASAM KADU to AHMADALI HASAM KADU. Now I would be known as AHMADALI HASAM KADU.

: ADDRES :
AHMADALI HASAM KADU
BANDER ROAD, MANGROL,
JUNAGADH, GUJARAT

# આવતીકાલે જૂનાગઢ મનપાના જનરલ બોર્ડમાં વોંકળાના દબાણોનો મુદો ગાજશે

## ઓનલાઈન ફરિયાદ નિવારણની ૩૧૧ એપ્લીકેશનમાં જવાબો મળતા નથી સહિતના વિવિધ પ્રશ્ને વિપક્ષ દ્વારા કરાશે આક્રમક રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ મહાનગર પાલિકાના જનરલ બોર્ડની એક મહત્વની બેઠક આવતીકાલે મળી રહી છે. જનરલ બોર્ડની આ બેઠકમાં વિરોધ પક્ષના નગરસેવકો દ્વારા કાળવાના વોંકળા અને ઓનલાઈન ફરિયાદ માટેની મનપાની ૩૧૧ એપ્લીકેશન મુદ્દે આક્રમક રજુઆત સાથે પ્રજાકિય પ્રશ્ને તડાપીટ બોલાવવામાં આવે તેવા નિર્દેશો મળી રહ્યા છે. ખાસ કરીને વોંકળા ઉપરના દબાણો દુર કરવાના કામમાં જે રીતે મનપા તંત્રએ કામગીરી કરી છે તેને લઈને પણ ભારે હંગામો કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહ્યા છે. આવતીકાલે મળનાર મનપાનું જનરલ બોર્ડ ગરમા ગરમ બની જશે અને શાસક પક્ષને વિપક્ષ દ્વારા આક્રમક રીતે વિવિધ મુદ્દે ઘેરાવ કરશે તેવા નિર્દેશો મળે છે. જૂનાગઢ મનપાના નગરસેવક લલીત પરસાણાએ સભ્ય મંજુલાબેન પરસાણાના ટેકાથી આ જનરલ બોર્ડમાં એક પ્રશ્ન મુકયો છે. જેમાં મનપાના હદ વિસ્તારમાં આવેલ વોંકળા ઉપર દબાણો દુર કરવાની કામગીરી ચાલું કરવામાં આવેલ હતી અને માત્ર એક-બે દિવસ આ કામગીરી ચાલી રહી અને માત્ર ને માત્ર નાના ઝુંપડાઓના દબાણો હટાવી અને પોતાની ફરજ સંતોષકારક બજાવી છે તેવું માની અને બે જ દિવસમાં આ કામગીરી પુર્ણ કરી દેવામાં આવી. ખરેખર તો વોંકળા ઉપર પાણીના વ્હેણને અવરોધક મોટા દબાણો દુર કરવા જોઈએ. આવનારા ચોમાસામાં કોઈ જાન-માલને હાની પહોંચે તે પહેલા આવા દબાણો હટાવવા અને પાણીનો યોગ્ય નિકાલ થાય તેમજ હાલ જે પ્રોટેકશન દીવાલ બનાવવાની વાતો વહેતી થઈ છે. તો આ બાબતે જે કામગીરી થઈ તે તમામ કામગીરીનો અહેવાલ આ જનરલ બોર્ડ સમક્ષ મુકવા માટે દરખાસ્ત કરી છે. જે મુદ્દે વિરોધ પક્ષ શાસકોને ઘેરશે અને જવાબ માંગશે. સાથે લલીત પરસાણાએ ફરિયાદ નિવારણ અંગે પણ પ્રશ્ન રજુ કર્યો છે. જેમાં જણાવ્યું છે કે, મનપા દ્વારા ફરિયાદ નિવારણ માટે ઓનલાઈન ફરિયાદ કરવા માટે ૩૧૧ એપ્લીકેશન બનાવેલ છે તેમજ આ અંગે વ્હોટસએપ નંબર પણ આપવામાં આવેલ છે અને આ અંગે મનપા દ્વારા ઘણો ખર્ચ પણ કરવામાં આવે છે અને બજેટમાં એવું પણ જાહેર કરવામાં આવ્યું હતું કે, ૨૪ કલાકમાં ફરિયાદનું નિવારણ થાય છે પરંતુ વાસ્તવિકતા વાત એ છે કે, ઓનલાઈન ફરિયાદ કરવા છતાં કે રૂબરૂ ફરિયાદ કરવા છતાં તેનો કોઈ પ્રત્યુતર પાઠવવામાં આવતો નથી. હાલ જૂનાગઢ મહાપાલિકામાં ગેસની પાઈપ લાઈનના કામો, પાણીની પાઈપ લાઈનોના કામો તથા ભૂગર્ભ ગટરના કામો ચાલું હોય જેથી રોડ રસ્તા તોડવાની અને




રીપેરીંગ ન થવાની અસંખ્ય ફરિયાદો થાય છે અને આ ફરિયાદોને એકબીજી એજન્સીએ આ કામગીરી કરવાની હોય છે. તેવું જણાવી ફરિયાદોનો ઉલાળીયો થાય છે. જેથી આવી ફરિયાદ કરનારને યોગ્ય પ્રત્યુતર મળવો જોઈએ અને શકય એટલી ત્વરાએ આ ફરિયાદનો નિકાલ થવો જોઈએ. તે મુદ્દે પણ જવાબ માંગવામાં આવશે.

# માણાવદર નગરપાલિકાના પુર્વ પ્રમુખ અને કપાસના દલાલ સાથે ૯.૩૦ લાખની ચીલઝડપ : ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ

## ધોળા દિવસે બનેલા બનાવને પગલે સમગ્ર પંથકમાં ચકચાર : આરોપીને ઝડપી લેવા તપાસનો ધમધમાટ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ જીલ્લાના માણાવદર-વંથલી હાઈવે ઉપર બનેલા એક બનાવમાં માણાવદર નગરપાલિકાના પુર્વ પ્રમુખ અને કપાસના દલાલ એવા દિનેશભાઈ કાલરીયાના હાથમાંથી રૂા.૯,૩૦,૦૦૦ની રોકડ વાળુ ઝબલું ઝુંટવી લઈ ત્રણ આરોપીઓ મોટરસાઈકલમાં બેસી નાસી ગયાનો બનાવ બનાવા પામેલ હતો. આ બનાવ ધોળા દિવસે બનતા સનસનાટી મચી જવા પામી છે. દરમ્યાન આ બનાવની જાણ થતા ઉચ્ચ અધિકારીઓનો કાફલો બનાવના સ્થળે દોડી જઈ તપાસની કામગીરી હાથ ધરી છે તેમજ ચીલ ઝડપ કરી નાસી જનાર આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરવામાં આવેલ છે.

આ બનાવ અંગે માણાવદર પોલીસે આપેલી વિગત અનુસાર, માણાવદર નગરપાલિકાના પુર્વ પ્રમુખ અને કોટન સિડસ બ્રોકર્સની ધોળે દિવસે રૂા.૯.૩૦ લાખની ચીલઝડપના બનાવમાં મળેલી વિગત અનુસાર માણાવદર નગરપાલિકાના પ્રમુખ અને ભાજપના આગેવાન દિનેશભાઈ ગોવિંદભાઈ કાલરીયા કોટન સિડસ બ્રોકર્સ તરીકે વ્યવસાય કરે છે અને તેઓને અનેક મિલોમાં પૈસાની લેતી-દેતી માટે જવાનું થતું હોય છે ત્યારે ગઈકાલે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી રૂા.૯.૩૦ લાખ જેવી રકમ લઈને જૂનાગઢ રોડના ભાલેચડા ડેમ પાસે આવેલ સનલાઈટ જીનીંગ ફેકટરીમાં આ પેમેન્ટ આપવા જતા હતા ત્યારે તે અરસામાં કોઈ ત્રણ અજાણ્યા શખ્સો દિનેશભાઈ કટારીયાને આઈટીઆઈ કોલેજ પાસે પોતાની ગાડીમાંથી પછાડી ગાડીના હેન્ડલ ઉપર રહેલી ૯.૩૦ લાખની રકમની ચીલઝડપ કરીને નાસી છુટયા હતા. આ બનાવની જાણ થતા જ કેશોદ ડીવાયએસપી બી.સી. ઠકકર, પીએસઆઈ ડી.એચ. વાળા અને કાફલો બનાવના સ્થળે પહોંચી ગયો હતો. સીસીટીવીના ફુટેજ મેળવીને ચેકિંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત બનેલા દિનેશભાઈને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. દરમ્યાન આ બનાવ અંગે દિનેશભાઈ ગોવિંદભાઈ કાલરીયા પટેલ(ઉ.વ.૬૧)એ અજાણ્યા ત્રણ શખ્સો વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તેમની સાઈન કંપનીની મોટર સાયકલ નં. જીજે-૧૧-બીપી-૩૨૯૩ની લઈને ગુણાતીત મીલમાંથી રૂા.૯,૩૦,૦૦૦/-નું કપાસનું પેમેન્ટ લઈ પ્લાસ્ટીકના ઝભલામાં રાખી તે પેમેન્ટનું ઝભલું આગળ ટાંકી ઉપર બન્ને પગ વચ્ચે રાખી અને જૂનાગઢ રોડ ઉપર સનલાઈટ કોટેક્ષ મીલમાં ઉમેશભાઈ વિઠ્ઠલભાઈને તેઓને ખેડુતોને આપવાનું પેમેન્ટ રૂા.૯,૩૦,૦૦૦/- દેવા જતા હતા ત્યારે માણાવદર આઈટીઆઈ તથા ગૌશાળાથી થોડે આગળ જાંબુડા ગામના કાચા રસ્તે જવાના નાકા પાસે પહોચતા ત્યાં એક અજાણી નંબર ખબર નથી તે મોટર સાયકલમા ડબલ સવારીમાં બે આરોપીઓ આવી ફરીયાદીને મો.સા. ચાલકએ ચાલુ બાઈકે પગથી લાત મારી ધકકો મારી નીચે પછાડી દીધેલ અને જેમાં ફરીયાદીનો ડાબો પગ મોટર સાયકલ નીચે આવી જતા ત્યાં અગાઉથી ઉભેલ માણસ ફરીયાદી પાસે આવી ફરીયાદી પાસે રહેલ રોકડ રૂા.૯,૩૦,૦૦૦/-નું ઝભલુ જુંટવી લઈ ત્રણેય આરોપીઓએ મો.સા.માં બેસી નાશી જઈ એકબીજાએ મદદગારી કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ માણાવદરના ઈન્ચાર્જ ડી.એચ. વાળા તપાસ ચલાવી રહ્યા છે.

# જૂનાગઢ જિલ્લાના લીવ રિઝર્વના ૧૩ પીએસઆઈની થયેલી આંતરિક બદલી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

તાજેતરમાં રાજયના ગૃહ વિભાગ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેકટરની સામૂહિક બદલીઓ કરવામાં આવી તે મુજબ જૂનાગઢ જિલ્લાના ફોજદારોની ટ્રાન્સફર કરી અન્ય શહેરોમાંથી પીએસઆઈઓને મૂકવામાં આવ્યા હતા. જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ વહીવટી સરળતા ખાતર જાહેર હિતમાં જૂનાગઢ જિલ્લામાં ફરજ બજાવતા લીવ રિઝર્વ ૧૩ પીએસઆઈની સામૂહિક આંતરિક બદલીનો હુકમ કર્યો છે. સાથે સાથે આ પોલીસ અધિકારીઓએ તેઓની થયેલ બદલી વાળી જગ્યાએ છુટા થઈ, હાજર થઈ નવી જગ્યાએ ચાર્જ સંભાળી લેવા જણાવાયું છે. દરમ્યાન જે બદલીઓ કરવામાં આવી છે તે ઉપર દ્રષ્ટીપાત કરીએ તો (૧) વાય. એન. સોલંકી લીવ રિઝર્વમાંથી રીડર ડીવાયએસપી જૂનાગઢ, (૨) આર. એન. ઓડેદરા લીવ રિઝર્વમાંથી કેશોદ, (૩) પી. એમ. ગોરફાડ લીવ રિઝર્વમાંથી બી ડિવિઝન, (૪) પી.આર. બાલાસરા. લીવ રિઝર્વમાંથી કેશોદ, (૫) એચ. ડી. પરમાર. લીવ રિઝર્વમાંથી બી ડિવિઝન, (૬) પી. કે. ઝાલા લીવ રિઝર્વમાંથી શહેર ટ્રાફિક, (૭) જે. જે. માઢક લીવ રિઝર્વમાંથી મહિલા પોલીસ સ્ટેશન, (૮) પી. જે. સોલંકી લીવ રિઝર્વમાંથી મહિલા પોલીસ સ્ટેશન, (૯) ડી. એ. ભંડેરી. લીવ રિઝર્વમાંથી બી ડિવિઝન, (૧૦) વી. એલ. લખધીર. લીવ રિઝર્વમાંથી એ ડીવિઝન, (૧૧) એસ. એ. સાંગાણી લીવ રિઝર્વમાંથી બી ડિવિઝન, (૧૨) પી. જે. વાઘેલા લીવ રિઝર્વમાંથી એરપોર્ટ સિક્યુરિટી અને (૧૩) એ. એ. પરમાર લીવ રિઝર્વમાંથી એ ડિવિઝન ખાતે મુકવામાં આવેલ છે.

# ભેંસાણના ખજુરી હડમતીયા તેમજ કેશોદમાં ઝેરી દવા પીતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

ભેંસાણ તાલુકાના ખજુરી હડમતીયા ગામે રહેતા શાંતિલાલ પ્રભુદાસભાઈ ટીંબાવત (ઉ.વ.૫૭)એ કોઈપણ કારણસર ઝેરી દવા પી જતા તેનું મૃત્યું થયું છે. ત્યારે અન્ય એક બનાવમાં કેશોદમાં જોલી પાર્ક ખાતે રહેતા બાબુભાઈ રામજીભાઈ કરકર (ઉ.વ.૫૭) એ પણ કોઈપણ કારણસર ઝેરી દવા પી જતા તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# માંગરોળના ચાખવા ગામે રૂા.૩૨,૮૨,૦૦૦ની છેતરપિંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

માંગરોળ તાલુકાના ચાખવા ગામે રૂા.૩૨.૮૨ લાખની છેતરપિંડીનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. શીલ પોલીસે આપેલી વિગત અનુસાર, ફરિયાદી અકિબખાન રહેમાનખાન બેલીમ (ઉ.વ.૨૭) રહે.ચાખવા ગામ વાળાએ ગત તા.૨૩-૩-૨૦૧૯થી આજ દિવસ સુધીમાં બનેલા બનાવ અંગે પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપી વૈભવ અશોકકુમાર મહેતા રહે.મુળ ડુંગરપુર, રાજસ્થાન હાલ ઈન્દોર તથા પ્રકાશ ગંગવાલ સાચુ નામ સંદિપ રતનલાલ જોષી રહે.ધાવડી જલારા વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ ગુન્હાહીત કાવતરૂ રચી ફરીયાદીને એરપોર્ટ વિભાગમાં અલગ અલગ પોસ્ટ ઉપર નોકરી આપવાનું કહિ એરપોર્ટ ઓથોરેટીના ખોટા કોલ લેટર બનાવી એરપોર્ટ વિભાગમાં કસ્ટમ અધિકારી તથા અન્ય જગ્યાઓ ઉપર નોકરી આપવાની લાલચ આપી બનાવટી કોલ લેટર કરી રૂા.૨૬,૩૦,૦૦૦/- ની છેતરપીંડી ઠગાઈ કરી જે રૂપીયા પાછા આપવા માટે રૂા.૧૦૦/-ના પાંચ સ્ટેમ્પ પેપર ઉપર ફરીયાદ નહિ કરવા રૂા.૩૨,૮૨,૦૦૦/-નું લખાણ કરી બાહેધરી આપી જે રૂપીયા પરત નહિ આપી છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા શીલ પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં વીજ ચેકીંગની ટીમ, પોલીસ કર્મચારીઓની ફરજમાં રૂકાવટ અંગે પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરના પીજીવીસીએલની ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે મુજબ પોરબંદર ગ્રામ્ય પીજીવીસીએલ વિભાગના જુનિયર ઈજનેર મીનાબેન શાંતિલાલ કણસાગરા એ ડિવિઝન પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ કર્મી દેવીબેન પરબતભાઈ રામના સુરક્ષા બંદોબસ્ત સાથે સવારે ૯ વાગ્યાની આસપાસ શહેરમાં સુખનાથ ચોક પાસે આવેલ માત્રી રોડ વિસ્તારમાં રહેતા રાજુભાઈ છોટુભાઈ ચુડાસમા ઉર્ફે રાજુ જાદુગરના ઘરમાં વીજ ચેકીંગ કરવા ગયા હતા. ત્યારે આ તકે આતીસ રાજુભાઈએ વીજચેકિંગ નહીં કરવા દઈએ તેમ કહી ફરજમાં રૂકાવટ કરી હતી અને બંને આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે જુનિયર ઈજનેર મીનાબેન કણસાગરાએ ફરીયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસે પિતા, પુત્ર વિરુદ્ધ ફરજ રૂકાવટ અને ધમકીનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.


**દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે**

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક**
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

**આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે**

**લેડીઝ અથવા જેન્ટસ સ્ટાફની જરૂર છે**
પરચુરણ કામ તથા કોમ્પ્યુટર કામ કરી શકે તેવા લેડીઝ અથવા જેન્ટસ સ્ટાફની જરૂર છે
**મગનલાલ સુંદરજી**
હવેલી ગલી, જૂનાગઢ

**મકાન વેંચવાનું છે**
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે.
: કોન્ટેક :
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

**દરેક ધંધાને લાયક જગ્યા**
પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક દુકાનો ૧૪૦૦ સ્કેવર ફુટ વેચવાની છે
મો. નં. ૯૪૨૯૪ ૨૬૩૧૨

**નાઈટમાં મેનેજર જોઈએ છે**
**હોટલ સોમનાથ**
રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ
રૂબરૂ મળો
સવારે ૧૦ થી ૧૨

**મહાશિવરાત્રીનાં મેળામાં ૫ દિવસ**
૧૦ X ૧૨ સાઈઝમાં ફુલ LED સ્ક્રીનમાં ફોટો અથવા વિડીયો જાહેરાત આપો.
: કોન્ટેક :
મો. ૭૪૮૭૯ ૨૮૨૭૨

**મોબાઈલ... મોબાઈલ..**
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
**શ્રી જલારામ ટેલીકોમ**
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

**ઘરકામ માટે બહેનો જોઈએ છે**
ઘરકામ માટે ૨ બહેનો જોઈએ છે. આખો દિવસ, ઉંમર ૪૫ વર્ષ
જૂનાગઢ
મો. નં. ૮૨૦૦૭ ૪૯૨૯૮

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
**પાણીપુરી**
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે (તાજુ માખણ મળશે)
**વિજય ઘી ડીપો**
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**સ્પે. રજબનો રોટ**
માત્ર રૂા. ૨૪૦માં
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨